રૂઢિચુસ્તોને ચેતવણી. Regd. No. 3220.

# તરુણ જૈન

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર

વાર્ષિક લવાજમ ૧-૮-૦
છુટક નકલ ૦-૧-૦

:: તંત્રી : ચંદ્રકાન્ત સુતરીયા. ::

વર્ષ ૩ જું. અંક ત્રીજો.
મંગળવાર તા. ૧-૯-૩૬.

## સામનો કરો!

પરિવર્તનનાં ત્રણ પગથીયાં. વિચાર જન્મ, વિચાર પ્રચાર ને સમુહમાં વિચાર સ્વીકાર.

પરલોક કાજે જીવતા ને આ લોકમાં લૂંટાતા, બેદરકારીથી સડતા અને ખોટી માન્યતામાં ખોટાં સ્વપ્નો રચીને મ્હાલતા આજના જૈન સમાજમાં પરિવર્તનનો વિચાર તો આજ ઘણાં વર્ષો થયાં સ્વતંત્ર અને દેશ જાગૃતિની સાથે જન્મ્યો હતો.

એ વિચાર અનેકોને પ્રસરવા માંડ્યો હતો. છતાં સામ્મો મુકાબલો થયો ન્હોતો. સ્વબળ હતું તેનોય પૂરો ખ્યાલ ન્હોતો. હતી તેનાથી વધુ નક્કર જુનવાણી પ્રતિભા આપણે કલ્પી હતી. વિરાટના સ્વરૂપે જૂનવાણીને કલ્પી આપણી પુજ શકિતની પણ આપણે ગણના યોગ્ય લેખી નહિ.

પરંતુ એક ક્ષણે ચમત્કાર થયો ને શ્રી પરમાનંદનું ભાષણ થયું. એ ભાષણ એ ચમત્કાર ન્હોતો. પણ એ ભાષણને ભયંકર માની ભયે ઘેરાયેલા જૂનવાણી વૃદ્દે 'સામનો' કરવાનો ચમત્કાર કર્યો. ક્રાન્તિનો આજ લગીનો એ ઇતિહાસ છે. ભૂમીકા તૈયાર હોય, લોક સમસમી રહ્યાં હોય, એક તક મળે ને અચાનક પરિવર્તન થઈ જાય.

અમદાવાદમાં શકિતઓ મપાઈ ગઇ. વિરાટ ગણાતા તે જુનવાણી માનસની શકિતની વામનતા જવનિકા સરી પ્રગટ થઈ. અને પરિવર્તન નો વિચાર પ્રવેશ ને પ્રચાર કેટલી હદે આગળ વધ્યો છે એ જોવાનું મળ્યું. પરિવર્તનની લડત ત્રીજા પગથીએ પ્હોંચી.

અમદાવાદના જૂનવાણી કિલ્લાને તોડ્યો એ બેશક ગર્વ લેવાની વાત છે. પરંતુ એકાદ નગરશેઠનો મોભો તોડ્યો કે એકાદ સૂરી સમ્રાટ પદભ્રષ્ટ થયા એથી સંતોષ લઇને ઠરી ઠામ બેસવાનું નથી. એકાદ રાજા કે સેનાનાયકનાં શસ્ત્રો કે મુગટો ઝડપી લેવાથી મુલક જીતાતો નથી. એક પડે છે ને એનું સ્થાન બીજો લ્યે છે. જ્યાં લગી એના સૈનિકો શસ્ત્રો નમાવે નહિ અને આપણો મુદ્દો સ્વીકારે નહિ ત્યાં લગી હરગીઝ લડત મોકુફ ન રહી શકે.

પં. સુખલાલજી બરાબર કહે છે. 'આ લડત કેળવણી અને જડતાની છે' અને એ કહે છે 'એક તરફ કેળવણીનાં બધાં સાધનો અને બીજી બાજુ જડતાનાં બધાં સાધનો ઉભાં રહેશે.'

આજે જડતા જૂનાં શસ્ત્રો સંગ્રહે છે ને નવાં ઘડાવે છે. એના જેહાદીઓ એ સજ્જ કરે છે, ગામે ગામ લાગતા વળગતા માણસોને એમના વિચારના સાધુઓ સાચી ખોટી વાતો દ્વારા ઉશ્કેરણી કરે છે. જુવાનોને ડરાવી દેવાની, રોટલેથી એમને રઝળાવી દેવાની, કૌટુંબિક વ્યવહારો એમના કાપી નાખવાની યોજના ચાલે છે. પોતાના કાન બંધ કરીને ભગવાન મહાવિર બોધ્યા ધર્મને એમની રીતે સંરક્ષવા આ લોકો જુવાનોની જીભો ખીલા મારી જડી દેવા માગે છે. નવા વિચાર કરનારને શાસન કરી, ગોંધાઇ રહેવા માટે એ લોકો કિલ્લે બંધી કરવા માગે છે.

જીવન એકધારૂં વ્હેતું જાય છે. એમાં ક્યારેક ક્યારેક તક મળે છે. એ તક એળે કરનાર વિકસી શકતો નથી. આજે જૈન આલમમાં યોગમ જાગૃતિ આવી છે. નહિ રસ લેતા જુવાનો સામાજીકને ધાર્મિક વિષયમાં રસ લેતાં થયાં છે. સાધુ વાક્ય પ્રમાણ અને જે સાધુ સમજાવે તેજ તે બેળાની શાસ્ત્રાજ્ઞા સમજનારે આજે રોજીંદાં છાપાં વાંચવા મંડયા છે. ધર્મ અપરાધએ ચઢાવીને મ્હાલતા સ્થાપીત હિતધરો અંગત જીવનના અનાચાર પરથી લોક નજર મુકવી 'સો સુવે મારકે બીલ્લી હજ કો ચલી'ની જ્યમ ધર્માત્મા બનવાના પ્રયાસ કરી રહ્યા છે. 'કોણ પૂછનાર છે?' ની ગર્વોન્મત્ત ગર્જના પુકારનારા સાધુઓ 'ડાબા ડમરા' દેખાવાનો પ્રબંધને પ્રચાર કરે છે. ન્યાતોમાં નહિ માનનારા ને ન્યાતોને ઠોકરે ઉડાડતા શેઠો, બધો દમામ છોડી દઈને 'ન્યાત મૈયા'ને ચરણે નમવા મથી રહ્યા છે, આમ જૈન આલમનાં જીર્ણને નવ વિચારનાં માનવો વિચારતાં થઇ રહ્યાં છે. જીજ્ઞાસા જાગી છે. સાચું શું એ શોધવાના સામાન્ય પ્રયાસો થઈ રહ્યા છે. સ્થાપિત હિતોની સ્હામે અસંતોષ પેદા થયો છે.

આ જુસ્સો ને જીજ્ઞાસા આવકારદાયક છે. પરિવર્તન જે વાંચ્છે છે એની ફરજ આ હદે તીવ્ર બને છે. સમાજનાં હાનિકારક તત્વો ખુબ બારીકતાથી ને નિડરતાથી સમાજ સમક્ષ રજુ કરવાની એની ફરજ અનિવાર્ય બને છે. પેદા થયેલી આ આગ સ્હામે હાનિકારક તત્વો ધરાશે કે તરતજ એની ભસ્મ થઈ જશે. જુનવાણી માનસ તપ્યું છે એના પર નવ વિચારના ઘણુ જોરથી પડવા જોઇએ. અને એમ થશે કે તરતજ એમાંથી નવું રૂપ, નવો દેહ ને નવો સમાજ સર્જાશે.

(અનુસંધાન જુઓ પૃષ્ઠ ૩ જું)

# તરુણ જૈન.

તા. ૧-૯-૧૯૩૬


## રૂઢિચુસ્તોને ચેતવણી

જગતમાં જ્યારે જ્યારે સ્થાપિત હકકો સામે જેહાદ પોકારાય છે, રૂઢિના બંધનો તોડવાને ખાતર નવી વિચારસરણી રજુ થાય છે અને ક્રાન્તિની ચીનગારીઓ ફેલાય છે. ત્યારે રૂઢિચુસ્તો અને સ્થાપિતહકકોવાળાને જીવન મરણનો પ્રસંગ ઉપસ્થિત થાય છે, ગઇ કાલનો ઇતિહાસ તપાસો અને ત્હેને પાને પાને એ બાબતની સાબીતી સાંપડશે. અનેક ક્રાન્તિકારોના શહીદીના સ્પષ્ટ એકરાર અને રૂઢિચુસ્તોના અત્યાચારો પ્રત્યક્ષ થશે, ક્રાંતિકારી કદિ આવતી કાલની કે પરિસ્થિતિની પરવા કરતોજ નથી. તે તો પોતાના સિધ્ધાંતો અને આદર્શ માટે મરી ફીટવાને પણ તૈયાર રહે છે. પ્રત્યાઘાતીઓ તરફથી જુલ્મની ઝડીઓ ભલે વરસે, પરંતુ એ ઝડીઓ ક્રાન્તિકારીને જરા પણ સ્પર્શતી નથી, તે ધીરજ અને વિનય પૂર્વક ક્રાન્તિનો ધ્વજ ધારી બની આગળ ધપ્યેજ જાય છે. કોઇ પણ શકિત ત્હેની સ્હામે ટકી શકતી જ નથી, અંતે વિજયમાળ ત્હેના ગળામાં આપોઆપ આવી પડે છે. આ બાબત કાંઇ નવી નથી, ત્હમે ધાર્મિક, સામાજીક કે રાજકીય ક્રાન્તિના મૂળમાં દ્રષ્ટિપાત કરશો તો એ બાબત તદ્દન નિર્ભેળ રીતે ત્હમને દ્રષ્ટિભૂત થશે. આજનું વાતાવરણ પણ એ પરિસ્થિતિથી વિમુકત નથી. અનેક વર્ષોના ઘર્ષણ પછી રૂઢિચુસ્તોએ જીવ ઉપર આવીને લડવાની તૈયારી કરી હોય તેમ ત્હેના કર્તવ્યથી જણાય છે. જાણે કે વ્યવસ્થિત કાવતરૂં રચાયું હોય તેમ ગુજરાતના પાટનગરમાં યુવક પ્રવૃત્તિને રૂંધવાના પ્રયત્ન થાય છે. તો બીજી ગમ સાદડીમાં યુવકોને દબડાવવાના સમાચાર સાંપડે છે. તો ત્રીજી તરફ ન્યાતના પટેલીયાઓ અને નગરશેઠ તરફથી ખંભાતમાં યુવકપ્રવૃત્તિ પર છેલ્લો ફટકો લગાવવાની તૈયારી થઇ રહી છે. આ બધી ધમાલ જોતાં રૂઢિચુસ્તોએ કેસરીયાં કર્યાં હોય ત્હેમ જણાય છે. પણ આવાં કાવતરાં અને ધમાલનો સુધારક પ્રવૃત્તિને વેગ આપનારા નવલોહીયા નવયુવાનો મુકાબલો કરવા હમેશાં ટેવાયલા જ હોય છે. ધમાલનો ઉત્તર તેઓ ધમાલથી નથી આપતા. પરંતુ શાંતિ અને વ્યવસ્થા પૂર્વક પોતાના ધ્યેયની સમીપ જતા હોય છે. એટલે કે પોતાની નૂતન વિચારસરણીને લોક સમુદાયના હૃદયમાં ઉતાર્યા જ કરે છે. વિચારોના પ્રવાહોથી આંદોલનો ઉભાં કરે છે અને તેમાંથી રૂઢિચુસ્તોને શિકસ્ત આપે છે. જ્યાં જ્યાં યુવક પ્રવૃત્તિ પગભર ન થઇ હોય; ત્હેવા શહેર કે ગામડામાં યુવકોને દબડાવી ભલે રૂઢિચુસ્તો ઘડીભર આત્મસંતોષ અનુભવે. પરંતુ તેથી ક્રાન્તિનાં આંદોલનો જે ખડાં થયાં હોય છે તે નષ્ટ થતાં નથી. તે રૂઢિચુસ્તો અને સ્થાપિત હકકોવાળા સમજી લે. એ આંદોલનો જ યુવક પ્રવૃત્તિને સજીવ કરી ત્હેને પગભર કરે છે અને જ્યારે એ શકિતનો સંપૂર્ણ વિકાસ થાય છે ત્યારે પ્રત્યાઘાતીઓ માટે ઉભું રહેવાનું પણ સ્થાન રહેતું નથી. એ અનુભવસિધ્ધ બાબત છે. આજે સાધુશાહી કે શેઠીઆશાહી ભલે નૂતન આંદોલનોની અવગણના કરે પરંતુ આવતી કાલે એ અવગણના માટે પૂરેપૂરી કિંમત આપવા તૈયાર રહેવું પડશે. એ નગરશેઠો અને સમ્રાટો ન ભૂલે.

વડવાઓની આબરૂ ઉપર જીવનારા સાધુઓની ખટપટ અને મહેરબાની ઉપર નભનારાઓ "જીહજુરે જીહજુરે" કરી પોતાનું પેટ ભરનારા સમાજના પ્રગતિના મોટા દુશ્મનો છે. કારણ કે તેઓ સ્થાપિત હકકો વાળાનાં પ્યાદા બની જૈન સમાજરૂપ નંદનવનનો ધ્વંસ કરવામાં કુહાડાના હાથા બને છે. જાણે અજાણે પણ એ સમાજ અને ધર્મનું નિકંદન કાઢવામાં કારણ ભૂત બને છે. આવા લોકોને જ્યારે ખરી પરિસ્થિતિની જાણ થાય છે ત્યારે ખુબ પસ્તાય છે. પણ એ પશ્ચાતાપ સમય વીત્યા પછી ત્હેને જીવાડી શકતો નથી. સમયને અનુકુળ પરિવર્તનો તો આવ્યા જ કરે છે. ત્હેને કોઇ રોકી શકતું નથી, અનેક સલતનતો અને સમ્રાટો, ધર્મગુરૂઓ કે સમાજ પટેલો, કોઇ પણ શકિત ત્હેના વેગને અનેક જાતના અત્યાચારો કરવા છતાં પણ રોકી શકી નથી. ગઇ કાલની યુવક પરિષદ બહુ નાની છતાં આજે ત્હેનું મ્હોટું સ્વરૂપ જાહેર થયું છે. સ્થળે સ્થળે ત્હેવાં આંદોલનો પ્રસરી ગયાં છે. એ પરિષદ અને ત્હેના પ્રમુખના આંચકાઓએ આખાયે સમાજને હલ મચાવી મૂકયો છે. ગામે ગામના નગરશેઠો અને નેમિસૂરિઓ એ આંચકાઓમાં પોતાનો સર્વનાશ જોઇ રહ્યા છે. અને તેથી જેમ બને તેમ ત્હેની સ્હામે કિલ્લેબંધી કરી છે. પણ એ કિલ્લેબંધી જ ત્હેમને સ્થાનભ્રષ્ટ કરવામાં કારણભૂત બને તો આશ્ચર્ય પામવા જેવું નથી.

સંઘ બંધારણ જેવી કોઇ ચીજ જ અત્યારે સમાજમાં અસ્તિત્વ ધરાવતી નથી. શ્રીમંતશાહીની હુંફથી ગમે તવા મનગમતા રૂકકાઓ ફરમાવવામાં આવે ત્હેની આજે જરાયે કિંમત નથી. કિંમત છે ત્હેની કે જેમનું લોકહૃદયમાં સ્થાન છે તેઓ એવા જહાંગીરી રૂકકાઓ ન ફરમાવે તો પણ ત્હેમને અનુકુળ-સમાજ બની જાય છે. કારણ કે ત્હેમાં સામાજીક કલ્યાણનો અખુટ વિશ્વાસ રહેલો હોય છે.

અમે ઇચ્છિએ છીએ કે ભાનભૂલા બંધુઓ, સાધુશાહી અને શ્રીમંતશાહીના હથીયાર ન બનતાં પરિસ્થિતિને પીછાણી સમાજ પ્રગતિને વેગ આપે.

# સુ ∘ સ ∘ વા ∘ તા ∘ વા ∘ ચ ∘ રા

## ખંભાતમાં જુવાનો નથી ?

વાણી સ્વાતંત્ર્ય અને વિચાર સ્વાતંત્ર્ય માટે નાગરિકો જ્યારે લડત ચલાવતા હોય, શ્રીમંતશાહી, પટેલશાહી અને સાધુશાહી સ્હામે વ્યવસ્થિત મોરચા મંડાતા હોય ત્યારે સમસ્ત સંઘના નામે અમુક વ્યક્તિઓ જોહુકમી ચલાવે અને યુવાનો મૌન રહે એ અનિચ્છનીય છે. જુવાન તો એ જ કહેવાય કે, જ્યાં અત્યાચાર, અધર્મ, અને સબળ નિર્બળને દબાવતો હોય ત્યાં ત્હેની સ્હામે માથું ઉંચકી ત્હેને પડકાર આપે. ત્હેને ત્હેની મર્યાદાનું ભાન કરાવે. પછી ભલે તે અત્યાચાર કરનાર નગરશેઠ હોય કે કોઇ ન્યાત પટેલ હોય, સાધુના લેબાસમાં હોય કે પોતાની જાતને સુરિસમ્રાટ મનાવતો હોય. અમદાવાદના નગરશેઠની કાર્યવાહી સામે ખંભાતના જુવાનો કંઇ અભિપ્રાય ઉચ્ચારવા માંગતા હોય ત્હેને દબાવી દેવા રૂઢિચુસ્ત આગેવાનો ધમકી આપે. અને એ ધમકીને વશ થઇ જુવાનો મૌન રહે એ અમે હૃદયની નિર્બળતા સમજીએ છીએ. જુવાન જાતિ બહાર અને સંઘબહારના શસ્ત્રથી કદિ ન ડરે. એને ત્હેની પરવા જ ન હોય, એ તો પોતાની જાતને સ્વતંત્ર માની નિર્ભય રીતે સામાજીક, રાજકીય કે ધાર્મિક બાબત માટેનું પોતાનું મંતવ્ય રજુ કરે અને ત્હેમ કરતાં ચાહે તેટલી આફત આવે છતાં જરા પણ પીછેહઠ ન કરતાં આગે કદમ ચાલુ જ રાખે, ખંભાતના જુવાનો જો આ અત્યાચાર મુંગે મોઢે સહન કરી લેશે તો એમજ માનવું રહ્યું કે ખંભાતમાં જુવાની અસ્ત થઈ છે. ખંભાતના જુવાન દોસ્તો, ચેતો! જુવાનીને લજવશો નહિ. તમારા હક્ક માટે લડો ! તેમ કરતાં આફત આવે તો હસ્તે મોઢે એ વ્હોરી લેજો ! સ્થાપિત હિતો વાળાઓ સ્હામે મોરચા માંડનાર ક્રાન્તિકારનો રસ્તો કદિ સાફ હોતો જ નથી. ત્હેને ડગલે અને પગલે કાંટા જ હોય છે. તમે એ કાંટાને દૂર કરી આગળ વધી શકશો. પરંતુ જો કાંટાથી ભય પામી પીછે હઠ કરશો તો સમાજનો નાશ નોતરશો એ ખ્યાલમાં રહે.

## શ્રી નેમવિજયજીની કુટિલતા.

હાલમાં જ એવા સમાચાર મળ્યા છે કે શ્રી નેમવિજયજીએ એક ફતવો બહાર પાડયો છે કે: "જે ગામ અમદાવાદના સંઘે કરેલા ઠરાવને અનુમોદન ન આપે અને તેમને પદભ્રષ્ટ કરેલ યુવકોના ઠરાવને વખોડે નહિ તે ગામવાળાની કોઇપણ સંસ્થા કે ફંડમાં ટીપ ન ભરવી, અમદાવાદમાંથી એક પણ પૈસો તેવા ગામની ટીપમાં ન જવો જોઇએ" આમ યુવકોને સીધી રીતે લડત ન આપતાં અસહકારની નીતિ અખત્યાર કરી હોય તેમ જણાય છે. આ જાતની મનોદશા દાખવી શ્રી નેમવિજયજી એમજ માનતા જણાય છે કે અમદાવાદ જ દરેક ગામના ફંડોને ચલાવે છે. અને આવા ફતવાથી આંચકો ધારી અસર નિપજાવી શકીશું. પણ આ માન્યતામાં તેમની મુરાદ બર આવે એમ અમે માનતા નથી. કારણ કે કોઇ પણ ગામ અમદાવાદના સંઘની સબાબત ઉપર નભતું હોય તેમ સંભળાયું નથી. યુવકોના પડકાર સામે નિષ્ફળ નિવડેલા શ્રી નેમવિજયજી હવે પોતાની અસ્ત થયેલ કારકીર્દીને ઓપ આપવા પૈસા અને લાગવગનો ઉપયોગ કરી કુટિલનીતિથી યુવકોને ડારવા કમર કસી હોય ત્હેમ જણાય છે. પણ યુવકોને એવા હુંકારની જરાએ પરવા નથી. એવા સેંકડો નેમવિજયો રામવિજયો ઉભા થાય તો પણ આજે જે પ્રવૃત્તિ ચાલી રહી છે તે કદિ નહિ રૂંધાય. હવે જુનવાણી દુર્ગના સંરક્ષકો સ્હમજી લે કે તમારો યુગ ખત્મ થયો છે. ચાર શેઠીઆઓને હાથમાં લઇ એક છત્ર સામ્રાજ્ય ભોગવવાના દહાડા હવે પૂરા થયા છે. શ્રી નેમવિજયજીએ કદિ સ્વપ્ને પણ નહિ ધાર્યું હોય કે પોતાને માટે "આહાર પાણી નહિ આપવાના, શ્રી મહાવીરના સાધુ અને આચાર્ય તરીકે નહિ માનવાના" ઠરાવો થશે. પણ એ ઘટના આજે તેમની દૃષ્ટિ સમક્ષ બની ગઇ છે. હજી પણ દેશ કાળ ધ્યાનમાં લઇ કુટિલતા છોડી જો મૌન રહેવાય તો ઠીક છે, નહિ તર ત્હેનું પરિણામ સારૂં નહિ આવે.

---

( સામનો કરો.........મુખપૃષ્ઠ થી ચાલુ )

કોઇ કસ્તુરભાઇઓ કે નેમવિજયો સ્હામે આપણી લડત નથી. વ્યક્તિઓની સામે આપણે ઝુંઝવાનું નથી. જે દળના એ અગ્રેસરો મનાય છે એ દળને સાચી સ્થીતિનું ચિત્ર સ્હમજાવી આપણું દળમાં ખેંચાવી નાખવાનું કામ આપણે કરવાનું છે. સ્થાપિત હિતોના ફાંસલામાંથી આપણા બીરાદરોને આપણે આપણી જળમજ સ્વહિત વિચારતા આપણે કરી દેવાના છે,

આજની જુનવાણી આજે છેલ્લાં ડચકાં લઇ રહી છે. આપણે પરિવર્તનના ત્રીજે પગથીએ ચ્હડી ચુક્યા છીએ. જુનવાણી આવ્હાહન દે છે. એ મુકાબલો વાંચ્છે છે. અમે એને આવકારીએ છીએ.

જુનવાણીનો પડકાર જુવાનો ઝીલે. એમને સામનો આપે. જુવાન એક હોય કે અનેક આ મુકાબલામાં અણનમ્ ઉભો રહે. માર ખાઇને, અગવડો વધાવીને ને શિર ફોડાવીને પણ એની અણનમતા જાળવી રહે. સંઘશાહીનાં તમામ શસ્ત્રોને શક્ય એટલું પોતાનું જોર કરવાની એ તક આપે. અને જ્યારે શસ્ત્રો નિરર્થક થઇ એને સ્પર્શી શકવાં નથી એટલે અજેય એ નિવડે ત્યારે સમયદેવના આશિર્વાદે એ જુનવાણીનો વાવટો નમાવશે જ નમાવશે.

કલ્પનાદર્શીના વ્યોમવિહારની આ વાતો નથી. અમદાવાદે થયું છે એમ બીજેય થશે જ. જુવાનો પડકાર ઝીલે ને સામનો આપે પછી વિજય કોનો છે એ વિચારવાની આવશ્યકતા નહિ રહે. લડત જામશે ત્યારે જુવાન જોઇ શકશે કે એ અને એનો સમાજ હતો ત્યાંથી પાંચ કે પચ્ચીસ કદમ પણ આગળ વધ્યો જ છે.

# સંક્રાંતિકાળ.

: : લેખક: : :
શ્રી "નવયુવાન"

સમયના પ્રવાહમાં કંઇક અવનવા પ્રસંગો બને છે. ભૂતકાળના બનાવોપર વિસ્મૃતિનો પડદો પડે છે જ્યારે નવીન કલ્પનાઓનું સર્જન થાય છે. એક માસ પહેલાની ઘટના દિનપ્રતિદિન ભૂલાવાને બદલે આજે વધુ તાજી થતી જાય એ પણ કાળની બલિહારી.

વંશ પરંપરાના વારસામાં મળેલી પદવીના ઇજારદારોએ સમાજના સૂત્રધારો બની આપખુદ સત્તાનો યુવાનોને પરચો કરાવવા તક સાધી. રાષ્ટ્રના આંદોલનમાં સળગતી સામાજીક આર્થિક સમસ્યાઓનો ઉકેલ કરવાને બદલે સમેટવાની ચાલબાજી સેવી. જાણે અજાણે માર્ગ ભૂલ્યા યુવકોની મનોદશા પર આધિપત્ય જમાવવાનું હોય તેમ સરમુખત્યારીના એ કોરડા આજે વિંઝાતા હોય તેમ આ પ્રકરણ પરથી જણાય છે. કોને ખબર કે આની ભીતરમાં શું છે? કોનું સંચાલન છે? ગમે તેમ હો પણ જે થાય છે તે સારૂ થાય છે. આધુનિક યુવક પ્રવૃત્તિને વેગ આપવાની, તેમનામાં ચેતન રેડવાની કોઇ શક્તિ જે આજ સુધી શોધી જડતી ન હતી તે આપમેળે પ્રગટ થઇ છે. યુવકો તેને સહર્ષ વધાવી લે. તેનું ઘટતું સન્માન કરે અને એ આપખુદ સત્તાના ઉપાસકો અને સંચાલકોને પડકાર કરે કે: સ્વાતંત્ર્યની ભાવના સેવતા આ યુગમાં સમાજ પુન: રચના માગે છે. વર્ષો પુરાણી કુરૂઢિઓ અને વડીલશાહીની જહાંગીરી સત્તા જડમૂળથી ઉખેડવાની તમન્ના રાખતો આજનો યુવક કોઇનો રોક્યો રોકાવાનો નથી. સમાજની એ ખદબદતી બદીઓની દુર્ગંધે કંઇક યુવક અને યુવતિઓને મુડદાલ બનાવ્યા છે. એમની રગેરગમાં ઝેરી જીવનનો સંચાર કીધો છે. જગત્ આજે પ્રગતિના માર્ગે છે. યુવાનો તેના અધિષ્ઠાતા છે. તેમનું ધ્યેય નિશ્ચિત છે. તેઓ સમાજની અત્યારની વિપરીત મનોદશા અને સડેલું તંત્ર ઘડીભર નભાવી લેવાને તૈયાર નથી. એમને તો જે તક સાધવી હતી તે વિના પ્રયાસે પ્રાપ્ત થઇ ચૂકી છે. યુવાનો ઉગ્ર આદર્શવાદી છે. એમના રાહ નિરાળા છે. સમાજના આજના કહેવાતા સરમુખત્યારો અને આપખુદ સત્તાના ઇજારદારો આટલું સમજે તો—

એક દિવસ એવો હતો જ્યારે સમાજ વ્યવસ્થિત હતો. સંઘ સત્તા સર્વોપરિ મનાતી. એની આમન્યામાં સૌ કોઇ રહેતું એ વખતે જૈનોમાં જૈનત્વ હતું. સાધુઓમાં સાધુતા હતી અને ત્યારે જ અહિંસાનો અમર પયગામ જનતાનો જીવનમંત્ર ગણાતો, ત્યારે જ દયાના ઝરણા એમના હૃદયમાંથી અખંડ વહેતા. ત્યાગ માર્ગના મહાન તપસ્વી અને ઉપાસકો જાણે અજાણે કોઇ ઠેકાણે મળી જતા તો ગમે તેવું હૃદય પણ એક વખત તો એ સાધુતા આગળ ઝુકી જતું.

આજે એ સમાજની સુવ્યવસ્થા નથી. એ સંઘની સર્વોપરિ સત્તા નથી. તેમ સાચી સાધુતા નથી. સૌ કોઇ પ્રતિષ્ઠા, માન અથવા તો કીર્તિના ભૂખ્યા છે. પૈસો જનતાનો જીવનમંત્ર છે. વીરના વેશધારી સમીપમાંથી પસાર થતા હોય તો પણ સાચા જૈનના હૃદયમાં એક રૂંવાડું પણ ફરકતું નથી. ભલે પછી તેના વેશને માનનાર વ્યક્તિ તરીકે તેનું સન્માન કરે.

આજનું વ્યવહારિક જીવન આંતર કલેશોથી એટલું બધું ભરેલું છે કે એનો ઉકેલ કરતાં કેટલો સમય જોઇએ તે પણ કલ્પવું મુશ્કેલ છે. વડીલોનો તોર અને સાધુઓની ક્ષણિક વૃત્તિ એ આજના સમાજની છિન્નભિન્ન મનોદશાના મુખ્ય કારણ છે.

વ્યવહારિક દુનિયામાં બાલપણાથી માંડી વૃધ્ધત્વનો અંત આવતા સુધીના પ્રત્યેક પ્રસંગોમાં એક પ્રકારનો અમાનુષી જુલમ ગુજારવામાં આવે છે. જેમાં વ્યક્તિ પોતાનું વ્યક્તિત્વ ખોઇ બેસે છે. એના હૃદયમાં વૈમનસ્યનું એક હળાહળ ઝેર પ્રગટ થાય છે જે તેનું સારૂંયે જીવન વિષમય બનાવે છે. એનો ચેપ અન્યને લાગે છે. અને એ રીતે સમાજની સુવ્યવસ્થાનો અંત આવે છે.

આજના સાધુઓનો અમુક વર્ગ સમાજમાં સળગતી હોળીઓનો અનેક રીતે જવાબદાર છે. તેમની આંતરિક મનોભાવના વિશુદ્ધ અને કેળવાયેલી નથી હોતી તે જાણે કોઇ મહાપુરૂષની કોટીમાં બિરાજતા ન હોય તેવી રીતે પોતાનું ધાર્યું કરાવવાને જનતાને અનેક રીતે ભરમાવે છે અને તેમના જીવનમાં એક પ્રકારનું વૈમનસ્ય ઉત્પન્ન કરાવે છે.

આ જાતની પરિસ્થિતિનો વહેલો ભોગ તેમના અંધશ્રદ્ધાળુ ભક્તો અને ભોળી જનતા થાય છે. "બાબા વાક્યં પ્રમાણમ્" પ્રમાણે ગણાતા એમના વચનો આરંભમાં કુટુંબ કબીલાઓમાં કલેશ જગાવે છે અને દિનપ્રતિદિન એ તણખા સારાએ સમાજમાં અગ્નિ પ્રગટાવવાને શક્તિમાન થાય છે. અત્યારની શાસન રસિક અને ધર્મી તરીકેનો દાવો કરતી સોસાયટીઓનો જન્મ આ રીતે થયેલો છે. આથી પણ એ સાધુ ગણાતા પુરૂષોને સંતોષ થતો નથી. એમને તો શાસ્ત્રોના વચનને નામે હાથમાં શાસ્ત્રોની પોથીઓ અને પાના રાખી પોતાના વચનો શાસ્ત્ર વચન તરીકે સિધ્ધ કરવાના હોય છે. અર્ધમાગધી અને સંસ્કૃતભાષામાં લખાયેલા આપણા પવિત્ર શાસ્ત્રોમાંથી એકાદ શ્લોક ઉંચકી લઇ પોતાની બુદ્ધિ અનુસાર યોગ્ય લાગે તેવી રીતે ભોળી જનતાને એનો અર્થ સમજાવે છે. એથી આગળ વધીને તેને પ્રવચનના રૂપમાં છાપાના આકારમાં પ્રસિદ્ધ કરાવે છે. જેથી તેઓ કદાચ અમર રહી જાય.

અત્યારનો જૈન સમાજ અને તેમાં પણ વડીલો અને વૃદ્ધોનો વર્ગ અર્ધમાગધી અને સંસ્કૃત સાહિત્યમાં કેટલો આગળ વધેલો છે એ સૌ કોઇને વિદિત છે. અને ખાસ કરીને શ્રોતા જનોમાં એમની સંખ્યા વિશેષ રહે એ સ્વાભાવિક છે. વળી કેટલાંક તો સારી સ્થિતિ વાળા હોવાથી અગર તો પાછલી જીંદગીમાં ધર્મધ્યાન કરવાની ભાવનાવાળા હોવાથી ઘણે ભાગે ખરી રોજની જીવનક્રમને લગતી પ્રવૃત્તિમાંથી નિવૃત્ત રહે જ. એ તો વ્યાખ્યાન કરતા કોઇ પણ

5



# ત્રિવેણી સંગમ

(ત્રિવેણી એટલે પતિતને પાવન કરનારો મહાપવિત્ર જળસમૂહ: જૈનોમાં જિન–પ્રતિમા, સાધુ અને સાધ્વી એ ત્રણ ભક્તિધામને સ્થાને છે. પણ આજે અજ્ઞાની હિંદુઓને પ્રતાપે ત્રિવેણી જેટલી ગંદી બની છે તેટલી જ પ્રત્યાઘાતી આગેવાની આ ત્રણ વિભૂતિઓ બની છે—ટીલા, ચક્ષુ, આંગી વગેરેથી વરણાગીયા બનેલા વિતરાગતા વગરના વિતરાગ, સાધુત્વ વિહોણા સાધુ અને માનવતા–રહિત સાધ્વી.)

### ગંગા.

એ અમારા જિનરાજ ! એમના ભક્તોએ એમના માથા પર રિયાઉં ધી લાયન હાર્ટનો મુગટ પહેરાવ્યો હોય અને કપાળ પર પીળી પટી ચોંટાડી હોય. એ પટી ઉપર કાચ જેવું નંગ બેસાડ્યું હોય, એમની અમર લાલ લાલ એ અમારા તીર્થંકર !

આંગીઓએ એમને શરીરે ક્યાં તો સફેદ કે પીળા ટીલા ચોંટાડેલા હોય, કે ક્યાં તો બખ્તર પહેરાવેલું હોય. શું કોઈ શત્રુ હુમલો ન કરે તે માટે એ પહેરાવાતું હશે ? એ પૈસાદાર હોય તો એમને હાથે અને ગળે ચાંદી કે સોનાના ઘરેણાં હોય. અને ગરીબ હોય તો એમના ભક્ત એમને કેશરના આભૂષણ અર્પી સંતોષ માને. એ અમારા વિતરાગદેવ !

એ અમારા મહાવીર ! એમની પાછળ જરીયાન પડદા હોય, માથા પર ત્રિછત્ર હોય અને પડખે ચામરી ચામરના પૂચ્છ વીંઝાતા હોય, કોઈ દિવસ એમને ફુલવાડીમાં ફુલના વાઘા ચઢાવીને બેસાડવામાં આવે. એ શું કુસુમશરના સ્વાંગ સજવા માટે ? કદિક તેમને બાદલાનો જામો પહેરાવવામાં આવે. એ જૈન જરીવાળાને ખટાવવા હશે કે સોના ચાંદીની પરદેશમાં થતી નિકાસ ઓછી કરવાને હશે ? ઉત્સવને દહાડે એમને ઘટિકા યંત્ર પણ બાંધવામાં આવે. એ આવકોને નિયમિતતા શીખવવા હશે કે ભગવાન એમના ભક્તો ભક્તિ કરવા વખતસર આવે છે કે નહિં એનું હાજરી પત્રક રાખી શકે એ માટે હશે ?

વંદન હો એ અમારા આજના વીરપ્રભુની એ વિકૃતમૂર્તિને !

### યમુના.

એ અમારા મુનિરાજ ! એમની પાસે આટલી વસ્તુ તો અનિવાર્ય—હોય જ. મોટો ઘાટો, ઉપયોગ માટે નહિ પણ શોભા માટે ઓઘો—મુહપત્તી, કાગળ શાહીનો સદંતર અભાવ કે અતિ વિપુલતા, એક પક્ષ, અને ચાર વર્ષથી મોટી કોઈ પણ ઉમ્મરના ચેલાઓની ફોજ ! એ અમારા સંસ્કૃતિ શિરોમણી !

ભલે એ પોતે ભાગુયે ભણાવે, પણ છાપાવાળાનું નામ આવે તો 'ભાટ, ચારણ, ચાડીયા, ચુગલીખોર, પેટભરા' ઇત્યાદિ વિશેષણો આપવાનું ન ચૂકે. એ સિવાય જ્ઞાનનું પૂજન અને દેશકાળનું અનુસરણ કહ્યું કેમ કહેવાય ?

'ગાંધીનું' નામ સાંભળતાં જ એ એની વિરુદ્ધ વ્યાખ્યાન આપવા મંડી જાય, પછી ભલે એ મોહનદાસ ગાંધી નહિ, પણ હાટે બેસનાર ગાંધી હોય. એ અમારા ભદ્રબાહુસ્વામિ અને હેમચંદ્રાચાર્યના વારસદાર ! પોતાની માતૃભાષાનું એક વાક્ય લખવામાં અગિયાર ભૂલ તો એ કરે જ એ અમારા સંસ્કૃતાચાર્ય !

તમે એમની પાસે જાવ, અને મુનિવંદન કરવાની યથાર્થવિધિ એ તમને વણમાંગ્યે શિખવશે જ, તમે એમની પાસે બે પળ બેસો. અને તમે પાળી શકો કે નહિ, પણ એ બાધા આપવાની પોતાની ફરજ બજાવી લેશે જ. તમે એમની જોડે પત્રવ્યવહાર કરો, અને એ મહામહોપાધ્યાય છે કે તર્કાલંકાર, એમણે પેથાપુર નરેશને પ્રતિબોધ્યા છે કે તમસપુર તીર્થને તાર્યું છે એ: તમને એમના પત્રમાંથી ખબર પડશે જ : ધન્ય હો એ ધર્મધગશ–ધારકોને !

યમુના–મહાત્મ્ય પૂરું કરતાં પહેલાં હું અગ્રૂહીઓ ઓગળી લઉં, નહિ તો વળી કોઇ દુર્વાસા—જેની અમારે ત્યાં ખોટ નથી—મારી દશા શકુંતલા જેવી કરશે !

### સરસ્વતી.

એ અમારા ગુરુણિજી ! જેમને ભાષાનો એક અક્ષરે ન આવડતો હોય, જેમના ઉચ્ચાર શુદ્ધ અરણ્યતાની હોય એ અમારા સરસ્વતી; એ અમારા વાગીશ્વરી; એમને શ્રાવક શ્રાવિકાને સભા ભરીને પ્રતિબોધ દેવાનો અધિકાર.

લાલ લુગડાનાં ડાયરા વચ્ચે પીળાં વસ્ત્રની ભાત પડતી હોય તો જરૂર જાણવું કે: એ પ્રમુખસ્થાન અમારા સાધ્વીજીએ શોભાવ્યું છે. ખરેખર, પોતાના સાધુથી પારકાનો મેલ કાપવા જેવા સેવાના કાર્યમાં પ્રમુખ પણે જૈન સાધ્વીએ નહિ તો બીજા કોણે રહેવું જોઇએ ?

એ તદ્દન અહિંસક હોય છે. હથિયાર એમને ખપતા નથી. જરૂર પડે એ યુદ્ધમાં પોતાની પ્રતિપક્ષી સાધ્વીના હાડકાં ખોખરાં કરવાં ઓઘા, પાતરાં કે દાંડાનો જ ઉપયોગ કરે છે. પણ લાકડી કે હથિયારને હાથ પણ લગાડતો નથી.

ચંદનબાળા અને રહનેમી–પ્રતિબોધક રાજેમતીની આ પટ્ટશિષ્યાઓને ખમાસમણું દઉં છું—માત્ર નવ ગજ દૂરથી જ !

### સંગમ

શ્રી પ્રભુ, સાધુ અને સાધ્વીના એ ત્રિવેણી સંગમમાં સ્નાન કરી પવિત્ર થઈ રહેલા અમારા સમાજનો ઉત્કર્ષ સૂર્ય હવે બહુ જ થોડા દિવસમાં ક્ષિતિજ પર પ્રકાશશે; એમ દેખાય છે !

---

સાધુ પુરૂષના વચનને ઉચ્ચ શિક્ષણના અભાવે શાસ્ત્ર વચન માની તેને અનુસરવાનો પ્રયત્ન કરે. યુવકોને આ વસ્તુ ન રૂચી. ન સમજી શકાય તેવા પ્રશ્નોનો ઉકેલ કરવાની જીજ્ઞાસા અને સનાતન સત્ય જાણવાની મહત્વાકાંક્ષાએ તેમને અધર્મી, નાસ્તિક તરીકે એ સાધુઓએ ઓળખાવ્યા અને પ્રધાનપણે જૈન સમાજનું અધ:પતનનું મૂળરૂપ અને જવાબદાર આ સાધુઓ જ ગણાય.

છેલ્લાં કેટલાંયે વર્ષોથી આ જાતની વૈમનસ્ય પરિસ્થિતિએ ઉગ્ર સ્વરૂપ લીધું છે. પક્ષાપક્ષના મોહને લઇને સૌ કોઇ ગમે તે બોલે છતાં એટલું તો ચોક્કસ છે કે એક વખતના જુનવાણી વિચારો અને વડીલશાહીનું સામ્રાજ્ય હવે વધુ વખત નભી શકવાના નથી. તેમના જર્જરીત કિલ્લાઓ અને જરીપુરાણી મહેલાતો જમીનદોસ્ત થવા લાગી છે.

આપખુદ સત્તાના ઇજારદારોનું શ્રી. પરમાનંદભાઇને સંઘબહાર મૂકવાનું પગલું એ આ જાતના જર્જરીત કિલ્લાઓ અને જરીપુરાણી મહેલાતોને ટેકા આપવા સમાન છે. પણ તેઓને ખબર નથી કે કુદરતના કોપથી કે ગમે તે કારણથી ધરતીકંપના આંચકામાં એક વખતનું જાહોજલાલી ભોગવતું ક્વેટા નગર એક રાતમાં અને બેચાર કલાકમાં હતું નહતું થઇ ગયું તેવી રીતે આજનો વડીલશાહીનો દોર અને રૂઢિપૂજકોના અત્યાચારનો ભોગ બનતા યુવકો અને યુવતિઓના અંતરનાદે અને મહાવીરના સિધ્ધાંતનું શાસ્ત્રને નામે છડે ચોક ખૂન કરતા તેમના વેશધારીઓની દાંભિકવૃત્તિઓથી જૈન સમાજમાં ભલે ધરતીકંપ થાય. સંક્રાન્તિના આ કાળમાં એ જાતનો દોર અને દાંભિકવૃત્તિઓનો નાશ થવો જ ઘટે.

# ચિંતન

આધિભૌતિક, આધિદૈવિક અને અધ્યાત્મિક એ શબ્દો શાસ્ત્રીય પરિભાષાના હોઇ આપણે તેની સાથે કુસ્તી કરવાની છોડી દઇએ. તો પણ પશુતા, માનવતા અને વિતરાગતા એ શબ્દો તરફ દૃષ્ટિ કરવી આવશ્યક છે.

❖ ❖ ❖

આપણા યુરોપીય મિત્રોએ વર્ષો પહેલાં જાહેર કર્યું છે એટલું જ નહી પણ હવે તો વૈજ્ઞાનિક અન્વેષણોદ્વારા લગભગ સાબીત કર્યું છે કેઃ માનવીના પૂર્વજો ઝાડની એક ડાળીથી બીજી ડાળીપર કુદતા વાનર દેવો જ છે. હગલાગ્રંથ ધર્મગ્રન્થોમાંથી એકાદ પણ ગ્રન્થ આ વિષેનો પુરાવો ન આપે ત્યાં સુધી આપણે એ વિધાનને સ્વીકારવાની ચોક્ખી ના પાડીએ તો પણ પ્રસંગોપાત કોઇ કોઇ માનવીમાં નજરે પડતી 'વાનરવૃત્તિ' એ વિધાનમાં તથ્યાંસ હોવાની માન્યતા તરફ દોરાવાની આપણને ફરજ પાડે છે. અને 'વાનરવૃત્તિ'નું પ્રદર્શન કરતા એ માનવો માટે તેઓ માનવ દેહધારી હોવા છતાં તેમણે માનવતાના સીમાડામાં પ્રવેશ કર્યો હોવાની શંકા ઉપસ્થિત થાય તો તે સ્વાભાવિક છે.

પરંતુ અહીં તો જેમણે માનવતાનો સીમાડો પણ જોયો નથી. તેવાઓને 'વિતરાગતા'ના પ્રતિક સમો વેષ પહેરાવી દઇ તેમનામાં 'સાધુતા'નું આરોપણ કરવામાં આવે છે. અને 'શ્રાવકસંઘ'ને માથે એને 'ગુરૂ' તરીકે ઠોકી બેસાડવામાં આવે છે. આવા વેષધારીઓ તરફથી જ્યારે એમ કહેવામાં આવે કે અમે 'સાધુતા' પ્રાપ્ત કરી છે. ત્યારે જે વિશેષણથી એ મહાનુભાવો (?) ને નવાજવાનું કોઇને પણ મન થાય તે શબ્દનું નામ છે. 'અસતા પૂર્ણ.'

❖ ❖ ❖

'નટના દોરડાપરથી સર્વજ્ઞના સિંહાસન' પર ચઢી બેસનાર એક માનવીની કથા આપણા વિશાળ કથા સાહિત્યનાં થોડાં પાનાં રોકી રહી છે. અને એ કથા આગળ ધરી 'પશુમાંથી દેવ' બનાવી શકાય છે. એવું કહેવા કોઇ તૈયાર થાય ખરૂં. એ કથાને કેવળ કથા જ માનીએ તો તેમાં આરોપાએલી 'અદ્ભુત દિવ્યતા' અદૃશ્ય થઇ જાય છે–માત્ર કવિમાનસની કલ્પના જ બની રહે છે. પરંતુ માનવ જીવનના અતિ ઝડપી વિકાસની દૃષ્ટિએ જોઇએ. અને એ ઝડપી વિકાસને વેગ આપતી ભૂમિકા તૈયાર કરનાર એ જીવનની પાછળ રહેલા કાર્યકારણનો સંબંધ જરા ઉંડા ઉતરી વિચારીએ તો એ કથા હોય તો પણ એ એક 'આદર્શ' બની રહે છે. કે જે આદર્શ આપણને એમ પ્રતિતિ આપે છે કેઃ 'પશુમાંથી દેવ' બનનાર વ્યક્તિને દેવત્વમાં પગલાં માંડતાં પહેલાં 'માનવતા'નો પ્રદેશ પસાર કરવો જ રહે છે. પછી ભલે એની સમય મર્યાદા નિમિષ માત્ર કાં ન હોય. અને ઉપર સુચિત કથાનાં પડ ઉકેલી જોનાર કોઇ પણ અભ્યાસીને આ કથનની સાબીતી તેમાંથી મળી રહેશે. કહેવાનો આશય એ છે, કેઃ વિતરાગતાના પ્રદેશ તરફ પગલાં માંડનાર વ્યક્તિએ પ્રથમ 'માનવતા' પ્રાપ્ત કરવી જ રહે છે.

❖ ❖ ❖

'શ્રાવક' શબ્દનો અર્થ કરતાં 'શ્રદ્ધા, વિવેક અને ક્રિયા'નું શબ્દ ગુમખુ આગળ ધરવામાં ભલે આવે. હું તો 'સાહિત્યક' એમ 'શ્રાવ' ઉપરથી 'શ્રાવક' એ જ અર્થ ઠીક માનું છું. જેઓ કેવળ બીજાની કહેલી વાતો શ્રવણ કરવાને જ ટેવાયલા હોય છે એવા વર્ગમાં 'માનવતા' શોધવા નીકળવું તેના કરતાં ઉંચી પાટે બેસી 'ગુરૂ' પદેથી પ્રવચન કરતા આપણા 'સાધુવર્ગ'માં 'માનવતા' શોધવા નીકળવું એ જ વધારે વ્યાજબી ગણાય. છેલ્લાં થોડા વર્ષોના ઇતિહાસરૂપી હોડકામાં બેસી વર્તમાનના ઘુઘવતા સમય સાગરમાં મુસાફરી બેઠી જુઓ: કોલંબસે સાતસાગર ડ્હોળી સદ્ભાગ્યે લીલી–હરિયાળી ભૂમિના દર્શન કરી આંખ ઠારી હતી. તેમ કદાચ કો હરીયાળી જીવન ટેકરી તમે નિહાળો તો તમારા સદ્ભાગ્ય! 'પ્રભુ વિહોણા માનવકુળમાં બાળક પ્રભુનાં પયગમ્બર છે.' એ કવિ વાક્યને જરા આમ ફેરવીએ; 'વિતરાગ વિહોણા જનકુળમાં જૈન સાધુ વિતરાગતાના પયગમ્બર છે.' તો આપણા સાધુ અને સાધ્વી મળી લગભગ બે હજારનો બનેલો એ 'શ્રમણ સંઘ' કદાચ મોક્ષ મળ્યા જેટલો આનંદ અનુભવે ખરો! પરંતુ તમે તેમની પાસે 'વિતરાગતા'ની ઉંચી કક્ષાએ નહિ પણ 'માનવતા'ની મધ્યમ કક્ષાએ તેઓ છે કે નહી તેની તપાસની માગણી રજુ કરો તો તરત જ તેઓ પોતાની પામર મનોદશાના પ્રદર્શનથી તમને સમજાવશે કે તેઓ માનવજીવનની પ્રાથમિક દશાથી આગળ નથી વધ્યા.

અને હવે રહેલામાંથી એમને અને બીજાઓને સમજાશે કે યુવાનોએ મોરચા માંડ્યા છે તે 'સાધુતા–વિતરાગતા–' સામે નહિ પણ માનવજીવનની પ્રાથમિક દશા સૂચવતી પામર મનોદશા સામે. એ દશા છોડી તેઓ 'માનવતા'નો સંપૂર્ણ વિકાસ સાધી 'વિતરાગદશા'માં કેમ પ્રવેશ કરી શકાય છે. તેનો આદર્શ કેવળ 'શ્રાવકસંઘ'ને જ નહિ. પણ સારીય જનતાને આપે તેટલા ખાતર.

માનવકુળ 'વિતરાગતા'ને વંદતું જ આવ્યું છે. અને આજનો યુવાન આત્મ મસ્તોને આવકારે છેઃ સંતપુરૂષોને સત્કારે છેઃ અને જાહેર સેવકોને અભિનંદે છે. પરંતુ એ આત્મમસ્તોની 'મસ્તી' પ્રજાજીવનમાં 'નિજાનંદ' પ્રેરતી હશેઃ સંતપુરૂષોની 'સંતતા' તપ્ત જગતને શીતળ છાંયો આપતી હશે. અને જાહેર સેવકની 'સેવા'ની પાછળ સાચી ધગશનાં દર્શન થશે તો–અન્યથા નહી. અસ્તુ!

# લ્યાનત હો એ નગરશેઠની આપખૂદી પર !

## સ્થળે સ્થળે તિરસ્કૃત થયેલ એ ગોઝારો ઠરાવ.

### ભાઈશ્રી પરમાનંદને અભિનંદન.

**અમદાવાદના યુવકોનો વિરોધ.**

તા. ૧૫-૮-૩૬ ના રોજ પ્રાગજી હંસરાજ હોલમાં સભા મળી હતી. જેમાં નીચે મુજબ ઠરાવો સર્વાનુમતે પસાર થયા હતાઃ—(૧) તા. ૯-૮-૩૬ ની સકલ સંઘના નામે ગોઠવેલી વંડાવીલાની સભામાં જે યુવાનો આક્રમણના ભોગ બન્યા છે તે પ્રત્યે હમદર્દી જાહેર કરે છે અને અભિનંદન આપે છે. (૨) સંઘની પ્રથમ સભા વિખરાઇ જવા બાદ બીજીવાર સંઘના નામે મીટિંગ ભરી બીનકાયદે અને બીન બંધારણીય કામકાજ થયેલું હોવાથી તે અમદાવાદના સકલ સંઘને બંધન કર્તા નથી. (૩) પરિષદના પ્રમુખસ્થાનેથી ભાઈ પરમાનંદે જે નિડર ભાષણ આપ્યું છે, તે માટે તેઓશ્રીને માનપત્ર અર્પણ કરવું અને પ્રીતિભોજન આપવું તેની વ્યવસ્થા માટે કમીટિ નીમવામાં આવી. (૪) સંઘો, મંડળો, સંસ્થાઓ અને મુનિરાજો, જૈન-જૈનેતર પત્રોના અભિપ્રાયોની તેમજ અમદાવાદના જૈનોની બહુમતિની અવગણના કરી આપખુદ પગલું ભર્યું છે તેને વખોડી કાઢે છે. હિંદભરના વિચાર અને વાણી સ્વાતંત્ર્યમાં માનનાર જૈનોને આપખુદીનો વ્યવસ્થિત સામનો કરવા આગ્રહ કરે છે. (૫) મુંબઇ ખાતે મળેલી ભાઇ પરમાનંદ વિરૂદ્ધની સભામાં હિંદભરની માન્ય મહાસભા તથા પૂ૦ મહાત્માજીના સામે હલકટ પ્રહારો કર્યાં છે. તેને વખોડી કાઢે છે અને મહાસભા તથા પૂજ્ય મહાત્માજી પ્રત્યે પૂજ્યભાવ જાહેર કરે છે. (૬) અમદાવાદના ગુજરાત યુવાન મંડળ તથા વિદ્યાર્થીમિત્રમંડળના આશ્રય નીચે અમદાવાદના શહેરીઓની સભાએ આપણા સિધ્ધાંત અને હકતપ્રત્યે જે સહાનુભૂતિ બતાવી છે તે બદલ આભાર માને છે.

**અમદાવાદની જોહુકમી સામે વડોદરાનો વિરોધ.**

તા. ૧૫-૮-૩૬ ને શનિવારે વડોદરા જૈન યુવકસંઘની મીટિંગ સંઘની ઓફિસમાં મળી હતી. તે પ્રસંગે નીચેના ઠરાવો સર્વાનુમતે પસાર થયા હતા. અમદાવાદના નગરશેઠે ત્યાંના સંઘના નામે “શ્રી પરમાનંદ કાપડીઆ સાથે સંબંધ રાખવો નહિ” એવો જે ઠરાવ કર્યો છે તે વ્યક્તિના વિચાર અને વાણીસ્વાતંત્ર્ય ઉપર તરાપ મારનારો આપખુદ અને યુવકોના સખ્ત વિરોધની અવગણના કરી ગેર કાયદે કરેલો છે તે સામે વડોદરા યુવક સંઘ સખ્ત વિરોધ દર્શાવે છે. અને અમદાવાદ સંઘને ભાઈ પરમાનંદ માટે આવો ઠરાવ કરવાનો કોઈ અધિકાર નથી એમ માને છે. (૨) સંઘબહાર જેવા અનિચ્છનીય ઠરાવ કરાવવા પ્રેરીને સંઘશક્તિને ક્ષીણ કરવામાં તથા સમાજમાં અશાંતિ અને વિરોધ વધારવામાં નિમિત્તભૂત બનારાઓ તરફ વડોદરાનો જૈન યુવક સંઘ અત્યંત તિરસ્કારની નજરે જુએ છે.

(૩) અમદાવાદ વંડાવીલામાં નગરશેઠ તરફથી શ્રી સંઘના નામે ભરાયેલી સભામાં યુવકોનો સખ્ત વિરોધ હોવા છતાં ભાઇ પરમાનંદ સાથે સંબંધ નહિ રાખવાનું નાટક ભજવતી વખતે પોલીસની દરમ્યાનગીરી કરાવવાની અનિચ્છનીય પ્રવૃત્તિ અને વિરોધ કરનાર યુવકોના માથાં ફોડવાનાં જે હિચકારાં કૃત્યો થયાં છે તેવાં કૃત્યોમાં ભાગ લેનારાઓ પ્રત્યે વડોદરાનો જૈન યુવક સંઘ તિરસ્કારની નજરે જુવે છે અને ઘવાયેલા યુવકોને સહનશીલતા માટે અભિનંદન આપે છે. (૪) ભાઇ પરમાનંદની મક્કમ વલણ અને નિડરતા માટે તેમ જ અમદાવાદના યુવકો અને જૈન યુવક સંઘે બતાવેલી હિંમત માટે વડોદરા જૈન યુવક સંઘ તેઓ બધા તરફ માનની નજરે જુવે છે અને તેમને ધન્ય વાદ આપે છે (૫) ભાઈ શ્રી પરમાનંદ કુંવરજી કાપડીઆને વડોદરા પધારવા આમંત્રણ આપવું અને તેમનો યોગ્ય સત્કાર કરવો.

**લીંબડીના જૈન યુવકોનો વિરોધ.**

તા. ૧૧-૮-૩૬ લીંબડીના જૈન યુવકોની સભામાં સર્વાનુમતે નીચે મુજબ ઠરાવો પસાર થયા હતા. (૧) અમદાવાદના સંઘે ભાઇ પરમાનંદ કાપડીઆને સંઘબહાર મૂકવાનો અધિકાર નહિ હોવા છતાં ભરેલા પગલાંને હાસ્યરપદ ગણે છે. (૨) અમદાવાદના સંઘની સભામાં ગુંડાશાહીએ ઘણા જૈન યુવકોને ઇજા પહોંચાડી છે તેને જૈન ધર્મ ઉપર શરમરૂપ લેખે છે. (૩) ભાષણ ઉપર ઉભા કરેલા તરકટ ને વ્યક્તિના વાણીસ્વાતંત્ર્ય ઉપર અયોગ્ય આક્રમણ સમાન માની સખ્ત વિરોધ જાહેર કરે છે અને શ્રી. પરમાનંદ કાપડીયાએ દર્શાવેલ પ્રગતિશીલ વિચારો માટે અભિનંદન આપે છે.

**બરલુટના યુવકોનો વિરોધ.**

બરલુટ (મારવાડ) તા. ૧૩-૮-૩૬ શ્રી જૈન મિત્રમંડળની સભામાં સર્વાનુમતે નીચેના ઠરાવો પસાર થયો છે—અમદાવાદના નગરશેઠે શ્રી પરમાનંદભાઇનો બહિષ્કાર કર્યો છે તેનો અમારૂં મંડળ સખ્ત વિરોધ જાહેર કરે છે. અને શ્રી પરમાનંદને ધન્યવાદ આપે છે.

**સાદરી.**

તા. ૧૩-૮-૩૬ શ્રી શુભચિંતક જૈન સમાજની જનરલ મીટિંગમાં નીચે મુજબ ઠરાવો પાસ થયા છેઃ—હિંન્દુસ્થાનની સેંકડો સંસ્થાઓનો વિરોધ હોવા છતાં અમદાવાદના શેઠિયાઓની જબરજસ્તીથી અને પોલિસ પહેરા નીચે, ભાઇ પરમાનંદને સંઘબહાર કર્યા તે બદલ આ સભા સખ્ત વિરોધ જાહેર કરે છે.

**સિદ્ધપુર.**

જૈનોની સભા મળી હતી. જેમાં શ્રી પરમાનંદ કાપડીઆને અભિનંદન આપતો અને તેમને સંઘબહાર મૂકવા સામે વિરોધ દર્શાવતો ઠરાવ પસાર થયા હતા.

**મુંબઇ.**

તા. ૧૭–૮–૩૬ કચ્છી વીશા ઓસવાળ તરુણ સંઘની જનરલ સભા મળી હતી. તેમાં નીચે મુજબ ઠરાવો થયા હતા. (૧) તા. ૯–૮–૩૬ ની અમદાવાદ જૈન સંઘની સભામાં જે ગેરકાયદે કામકાજ થયેલ છે તે કચ્છી જૈન સંઘને બંધનકર્તા નથી. (૨) અમદાવાદ સંઘની સભામાં કેટલાકોએ જે ગુંડાગીરી ભર્યું વર્તન ચલાવ્યું તે પ્રત્યે આ સંઘ અણગમો જાહેર કરે છે. હાજર રહેલા યુવકોએ મર્દાનગી ભર્યો અહિંસક સામનો કર્યો છે તે બદલ અભિનંદન આપે છે. (૩) સંઘબહાર કરવાના કાર્યમાં જે જે સાધુઓએ ભાગ ભજવ્યો છે તેમને સાધુ તરીકે સ્વીકારવાનું બંધ કરે છે. (૪) ભાંગવાડીમાં મળેલ સભામાં જે ભાષણો થયાં છે. તે તરફ આ સંઘ સખ્ત તિરસ્કાર દર્શાવે છે.

**બોટાદ—**

શ્રી જૈન મિત્રમંડળ તરફથી તા. ૨૪–૮–૩૬ ના રોજ એક મીટિંગ મળી હતી. જેમાં નીચે મુજબ ઠરાવો થયા હતા–(૧)અમદાવાદના નગરશેઠે મોટા ભાગની વિરુદ્ધ લોકલાગણીને ઠોકરે મારી પક્ષપાતી અને આપખુદી રીતે શ્રી. કાપડીઆ વિરુદ્ધ જે કાંઇ ઠરાવરૂપ ફારસ ભજવ્યું છે તે ન્યાયથી વેગળું અને વાણી સ્વાતંત્ર્ય ઉપર ત્રાપ મારનાર હોઇ તેને વખોડી કાઢીએ છીએ.

**અમદાવાદ—**

ઝવેરીવાડ સેવા સમાજની તા. ૧૯–૮–૩૬ ની મીટિંગમાં કરેલા ઠરાવોઃ–(૧) શ્રી. પરમાનંદ કાપડીઆ પ્રત્યે સંપૂર્ણ સહાનુભૂતિ ધરાવે છે. (૨) નગરશેઠનું શ્રી. પરમાનંદ સાથે સંબંધ નહિ રાખવાનું ફરમાન અમાન્ય લેખે છે. (૩) શ્રી પરમાનંદને હાર્દિક અભિનંદન આપવા આ સમાજ આમંત્રણ કરે છે. (૪) શ્રી. પરમાનંદને પ્રીતિભોજન આપવાનું નક્કી કરે છે.

**મુંબઇ.**

શ્રી સત્યપ્રચારકમંડળની મીટીંગમાં અમદાવાદના ઠરાવ પ્રત્યે વિરોધ દર્શાવતો ઠરાવ કર્યો છે.

**આણંદ—**

શ્રી જૈન શુભેચ્છક મંડળ તથા સામાન્ય જૈનોની તા. ૨૬–૮–૩૬ ના રોજ મળેલ સભામાં–શ્રી પરમાનંદ કાપડીઆના ભાષણથી તેમની સાથે સંબંધ નહિ રાખવાનો અમદાવાદના સંઘના નામે કરેલ ઠરાવ પ્રત્યે વિરોધ, અમદાવાદના યુવકોએ વિરોધ દર્શાવવા હાજર રહી જે હિમ્મત બતાવેલ તેમજ અપમાન અને માર સહન કરી આત્મભોગ આપ્યો તે બદલ અભિનંદન આપતા ઠરાવો કર્યા છે.

**માંડલ.**

શ્રી જૈનયુવકસંઘની એક સભા તા. ૨૪–૮–૩૬ ના રોજ મળેલ તેમાં અમદાવાદના સંઘના ઠરાવપ્રત્યે સખ્ત વિરોધ અને શ્રી. પરમાનંદભાઇને અભિનંદન આપતો ઠરાવ કરવામાં આવેલ છે.

## વ્હેતાં વ્હેણ

—જાણે કે કોઇ મહા પ્રદરીઓ ગઢ જીતાયો હોય ત્હેમ વીરશાસનમાં સમાચાર છપાય છે કેઃ "ભાવનગર સંઘના સેક્રેટરી શેઠ કુંવરજી આણંદજીએ આપેલું રાજીનામું" પણ આ સમાચાર સાથે પરમાનંદ પ્રકરણને કશોય સંબંધ નથી. કારણ કે કુંવરજી ભાઇએ તો સં. ૧૯૯૧ ના આસો મહીનામાં પોતાની અવસ્થાને લઇને સંઘ સેક્રેટરી તરીકે રાજીનામું આપેલ છે.

—" બોટાદના સંઘે કરેલા ઠરાવ " ના સમાચાર વીરશાસનમાં પ્રગટ થયા છે તે સંબંધી એક બોટાદના વતની જણાવે છે કેઃ અત્રે સંઘ જ મળ્યો નથી. પછી ઠરાવ થાય જ ક્યાંથી ? હોય એ તો, સીસાટી બકતો કું. બાવા ને મંગળદાસ રસ્તામાં એકત્ર થઇ ઠરાવો કરી ગમે ત્હે ગામના સંઘના નામે મોકલાવી દે. એ ત્હેમનો ધંધો–આજનો નથી. બોટાદના વતની એટલું રહમજી લે.

—ખંભાતમાં સ્પષ્ટરીતે બે તડાં પડી ગયાં છે. અમર જૈનશાળામાં રૂઢિચુસ્ત સંઘ અને અંબાલાલ ધર્મશાળામાં સુધારક સંઘ બન્ને સ્થળોએ સંઘો ભેગા થયા છે, રૂઢિચુસ્ત સંઘે શ્રી. પરમાનંદ વિરુદ્ધ અને સુધારક સંઘે તરફેણ કરનારા ઠરાવો કર્યા છે. સીસોટી બકતો જો ગામેગામ તડાં નહિ પડાવે તો પછી ત્હેમનું જીવન શી રીતે નભશે ?

—માંડલ શ્રી જૈન યુવક સંઘના સેક્રેટરી તા. ૨૬–૮–૩૬ ના ત્હેમના પત્રમાં અમદાવાદ નગરશેઠના પગલાંનો સખ્ત વિરોધ કરતો અને પરમાનંદભાઇને અભિનંદન આપતો ઠરાવ થયાનું જણાવે છે. આ ઉપરથી એમ જોઇ શકાશે કે વીરશાસનના વધારામાં કેટલા સાચા ખબરો આવે છે (?) વીરશાસન જો સાચા ખબરો પ્રગટ કરવાનું નક્કી કરે તો પછી ત્હેને વધારા માટેનું મેટર ક્યાંથી લાવવું ?

—કાઠિયાવાડ જૈન યુવક પરિષદના પ્રમુખ તરીકે શ્રી. પરમાનંદ કુંવરજી કાપડીઆ અને સ્વાગત પ્રમુખ તરીકે શ્રી. વીરચંદ પાનાચંદ શાહની સર્વાનુમતે ચુંટણી થઇ છે. અમદાવાદના નગરશેઠે ત્યાંના સંઘના નામે કરેલા ઠરાવનો જડબાતોડ જવાબ.

—વઢવાણમાં રૂઢિચુસ્ત પક્ષ ઉભો કરવા માટે તેમ જ શ્રી. પરમાનંદ સંબંધી અમદાવાદના સંઘના નામે કરાયેલ ઠરાવને અનુમતિ અપાવવા અમદાવાદથી દોરી સંચાર થયો હતો. સીસોટીના ભક્તીરોએ પણ ત્યાં જઇ ઉશ્કેરણી ચલાવી હતી પરંતુ યુવકશક્તિ જાગૃત હોઇ ત્હેમાં અમદાવાદથી દોરી સંચાર કરનાર ત્હેમજ સીસોટીના ભક્તીરોને નિષ્ફળતા મળી છે. એમ સમાચાર મળે છે. હજુ ઉશ્કેરણી ચાલુ છે. જોઇએ શું થાય છે ?

—વીરશાસનના સ્ટીમરના લંગર જેવડા લાંબા વધારામાં જે ગામના ઠરાવો આપ્યા છે. ત્હેની પાછળ પડી જો કોઇ ઉંડે ઉતરે તો જરૂર જણાઇ આવે કે ત્હેના ઢોલની પાછળ કેટલી પોલ છે ? મ્હને તો જણાય છે કે સો વાંભે કાંકરા ઉડતા હશે.

—અમદાવાદના સંઘના નામે કરાયેલા ઠરાવના જવાબરૂપે અમદાવાદમાં જ ત્યાંના સંઘના સભ્યો તરફથી શ્રી. પરમાનંદભાઇને પ્રીતિભોજન આપવાનો મેળાવડો તા. ૬–૯–૩૬ ના દિને કરવાનું નક્કી કરવામાં આવ્યું છે.

આ પત્ર અમીચંદ ખેમચંદ શાહે એોનેસ્ટી પ્રીન્ટરી. ૧૩૪–૧૪૨ ગુલાલવાડી, શ્રી નાથજી માળો, મુંબઇમાં છાપી શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે ૨૬–૩૦ ધનજી સ્ટ્રીટમાંથી પ્રગટ કર્યું છે.

ક્રાંતિના ઝંડાધારીઓ.

Regd. No. 3220.

# તરુણ જૈન

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર

વાર્ષિક લવાજમ ૧-૮-૦
છૂટક નકલ ૦-૧-૦

:: તંત્રી : ચંદ્રકાન્ત સુતરીયા. ::

વર્ષ ૩ જું. અંક ચોથો.
મંગળવાર તા. ૧૫-૯-૩૬.

## ‘મિચ્છામિ દુક્કડમ્’

અતિ નહાનપણે એ મારે મન આશ્ચર્ય હતું કે આટઆટલા મ્હોટા ગણાતા માનવો પણ આ પ્રભાતે ઉઠતાં જ આટલા નમ્ર બનીને પ્રત્યેકને કેમ નમતા હશે? કટ્ટર વિરોધીઓ પણ એ દિવસે કેટલાં સહજ ને સમભાવી બની હાથ મીલાવતા હતા? આ દિવસનો આટલો પ્રભાવ કેમ હશે અને આ દિવસની આટલી મહત્તા શાથી હશે તે ત્હારે તો સમજાતું નહિ અને મઝામાંનું ઢોકળું કહી અમે હસી લેતા, ને તાળીઓ લઈ-દઈ એનું અનુકરણ કરતા.

જુવાનીમાં તો મ્હને ય સૌ ‘મંછામ્ ઢોકડું’ દેતા જહેને જોયા ન હોય, ભાગ્યે જ બોલવા હશે અને સ્વપ્ને ય તકરાર ન કરી હોય ત્હેવાય જ્યારે ભારેખમ બની કરોડ રજ્જુ ઢીલી કરી આ ‘મછામ ઢોકડું’ દેતા ત્હારે મ્હારી રમુજનો પાર રહેતો નહિ. અલબત્ વિવેકને ખાતર એવાઓને વળતું નમન કરતાં અંતરમાં રમતી રમુજ પર મ્હારે સંયમ કેળવવો પડતો.

પછી તો એની ભાવના સમજાઈ અને એ દૃષ્ટિએ જો આ ‘મિચ્છામિ દુક્કડમ્’ દેવાતું હોય તો જગતનાં કેટકેટલા કલહ ને વેર ઝેર ઓછા થઈ રહેત એની કલ્પનાઓ ઉદ્ભવતી.

આજે તો એ કેવળ રૂઢી થઈ પડી છે. ભાવો અને ઉર્મિઓને અલગ કરીને કેવળ શીરસ્તા ખાતર સૌ મ્હોંએથી “મિચ્છામિ દુક્કડમ્” બોલે છે અને એમાંના ઘણાના હૃદયને એ સ્પર્શતું જ નથી હોતું. અંતરના ઉંડાણથી એ માફી ઉગતી નથી. મ્હોંઢાના ગોખલામાંથી, અંતરથી સાવ અલગ એ માફી શિષ્ટતા ખાતર જ ઉચ્ચારાય છે.

અને આમ ઘણી સરસ વસ્તુઓ રૂઢીમય બનતાં સાવ નિરર્થક નિવડે છે. ત્હેમ જ એ “મિચ્છામિ દુક્કડમ્” કૈં લાખ્ખો માનવો સેંકડો વેળા બોલે છે છતાં કૈં સરસ પરિણામ નથી નિપજાવી શકતાં ને આંતર કલહો હતાં એટલાને એટલાં જ; વૈર ઝેર હતા એટલાં ને એટલાં જ; સમાજનો ક્ષય કરતાં વધુને વધુ પ્રચારતા જ જાય છે: અને જૈન સમાજનું ‘ક્ષમા’ લેવા દેવાનું એક અતિ ઉત્તમ માનવ લક્ષણ આપવાનો એ આચાર છતાં પણ કૈં કામ નથી આવી શકતું.

મ્હને પોતાને-હું જુનિ પ્રણાલિકાઓમાં મુખ્યત્વે નહિ માનતો હોવા છતાં-આ પ્રથા ગમે છે. ઘણી વેળા નિકટનાં દોસ્તો કે આપ્તજનોમાં કોઈ ન્હાના એવા કારણે તડો પડી જાય છે. એ પ્રસંગો વિત્યે એ બન્ને પસ્તાતા હોય છે, પાછાં નિકટ આવવાં મન કરતાં હોય છે. અને એવો પ્રસંગ મેળવવા તલસતા હોય છે એટલે કોઈ સામાજીક કે એવા સમુહ પ્રસંગે કે દોસ્તોએ ઇરાદાપૂર્વક ગોઠવેલા પ્રસંગોમાં એવા વિખુટાં પડેલાં આપ્તજનો કે દોસ્તો તડજોડ કરી લ્યે છે. પરંતુ એ તકો ન મળે ત્હેનેય આવા પ્રસંગો-ક્ષમાપના દિનના પ્રસંગો ખૂબ ઉપયોગી નિવડે છે. એ દિવસે માફી માગનારને ન્હાનમ નથી અનુભવવી પડતી. આમ સુમેળ સધાય છે-ને આ વિશુદ્ધિના દિને એટલી કડવાસ દૂર થાય છે.

કેટલાય મ્હારા નવજુવાન દોસ્તો આ પ્રસંગની ઠઠ્ઠા કરે છે અને પૂછે છે ભૂલ કબુલ કરવાનું અને માફી માગવાનું અમારે આ દિવસ માટે મુલતવી રાખવું અને આ દિવસ આવે એટલેજ માફી માગવાની?

ના, એને એ પણેજ કે એ દિવસે જ તહેમો ભૂલો કબુલ કરવાની અને માફી માગવાની અને એમ કરીને હૃદય સાફ રાખવાની ટેવ કેળવો. તો એના જહેવું ઉત્તમ જીવન એકેય નથી એવું જીવન સૌનાં વંદનનું અધિકારી છે. પણ એટલી વિનમ્રતા સૌમાં શક્ય નથી. અને સૌને એ સરળતા સુલભ પણ નથી.

રોજેરોજ ઘર સાવ સાફ રાખી શકતા હો તો ઉત્તમ છે પણ એમ ન કરી શકનાર રોજ ઉપર ઉપરથી અને અઠવાડીએ ખુણા ખાંચરેથી સામાન ખેસવીને સાફ કરે તો એ હાંસી પાત્ર નથી ઠરતો.

પણ આજે જે રીતે ભાવનાહિનપણે ‘મિચ્છામિ દુક્કડમ્’ દેવાઈ રહ્યાં છે. એ સાચે જ જૈન જુવાનોમાં અને જૈનેતરોમાં હાંસીનો વિષય બન્યું છે. શબમાં આત્મા કલ્પીને જાણે આપણે સરઘસ કહાડી રહ્યા છીએ.

કેવી સરસ ભાવના રહી છે એમાં! મ્હોટપ મુકીને, અક્કડાઈ કહાડી નાખીને, મમત્વ દૂર કરીને દરેક એનાથી શું મ્હોટા કે શું ન્હાના પાસે જાય ને જાણે અજાણે એનો ગુન્હો કર્યો હોય કે પોતાના કોઈએ કર્તવ્યથી એને મનઃ દુઃખ થયું હોય તો ક્ષમા માગે છે. પૂર્વગ્રહોને વિલીન કરીને હવે ‘પુનશ્ચ હરિઓમ’ કરવાના છે એમ ખાત્રી આપે છે. હૃદયની પાટી પરના જુના અક્ષરો ભૂંસીને એ સાફ દીલ બન્યા છે. એમ જણાવે છે. અને સદ્ભાવ, બંધુત્વ ને મૈત્રીનો ફરી સુયોગ સાધે છે.

આમ વેરઝેરના વર્ષ દરમ્યાન ઉગેલાં ઝાડવાં સુકાઈને બળી જાય છે. અને તમામ જીવો પ્રત્યે સમભાવની નવકુંપળો હૃદયમાં પ્રગટે છે.

**‘મિચ્છામિ દુક્કડમ્’ની ભાવના ચિરાયુ હો.**

**ક્ષમાપના દિનના એ ભુલાઈ ગયેલા નિયામકને વંદન હો.**

# તરુણ જૈન.

તા. ૧૫-૯-૧૯૩૬


## ક્રાંતિના ઝંડાધારીઓ.

'ક્રાન્તિ' એ કોઇ અકસ્માત નથી. સમાજના વિકાસ માટે ત્હેનું આગમન અનંતકાળથી ચાલ્યું જ આવે છે. સ્થાપિત હિતોવાળાઓનો જુલ્મ વધે છે ત્યારે તે જુલ્મો સ્હામે ક્રાંતિ વિરાટ સ્વરૂપે ખડી થાય છે. પણ જુલ્મ જહાંગીરીનો નાશ થાય છે. કે તે શીઘ્ર સૂક્ષ્મ સ્વરૂપ ધારણ કરે છે, મનુષ્ય જો પોતાના જીવનનાં પાનાં ઉકેલે તો ત્હેને ડગલે અને પગલે 'ક્રાન્તિ'ના દર્શન થશે. બાળક જન્મ લે છે ત્યારથી જ ત્હેના શરીરમાં 'ક્રાન્તિ' પોતાનો ભાવ ભજવે છે. અને શારીરિક અને માનસિક પ્રગતિના મંડાણ કરાવે છે. આમ 'ક્રાન્તિ' એ કોઇ નાશકારક તત્ત્વ નથી. પરંતુ પ્રગતિ માટે આવશ્યક સાધન છે. ક્રાન્તિના નામ માત્રથી ભડકતા અને ભડકાવતા એવા બંધુઓએ સમજવું જોઇએ કે એ અનિવાર્ય છે. આવી ક્રાન્તિને જે આવકારે છે, આચાર વિચાર અને વર્તનમાં પૂરેપૂરી રીતે ઉતારી દેશકાળને અનુરૂપ પોતાનું જીવન ઘડે છે, અને ઘડવાની પ્રેરણા પાય છે. એ ક્રાન્તિકાર છે. એ મહાપુરૂષ જગદ્વંદ્ય છે. આવા મહાપુરૂષો જ અત્યાચારીઓથી દેશ, સમાજ અને ધર્મનું રક્ષણ કરે છે. પ્રત્યેક કાળમાં એવા ક્રાન્તિકારોનું જુથ જાગતું જ હોય છે. દેશ જ્યારે પરાધિનતાની એડી તળે છુંદાતો હોય, સમાજની નાગરિકતા અને પ્રજાજીવનનું લીલામ થતું હોય અને ધર્મના નામે અધર્માચરણ ચાલતાં હોય ત્યારે ત્યારે તે ક્રાન્તિકારો દેશને સ્વાધિન કરવામાં, સમાજની નાગરિકતા અને નૈતિક જીવનને રક્ષવામાં અને અધર્માચરણને દૂર કરી ધર્મને શુદ્ધ સ્વરૂપમાં રજુ કરવાની પોતાની ફરજ સમજી પોતાની જાતનું બલિદાન આપવામાં પણ પાછળ હઠતા નથી. આવા ક્રાન્તિકારોનું અસ્તિત્વ ત્હેની જીવંત અવસ્થામાં જનતા કદી કબુલ કરતી નથી, ત્યારે તો ત્હેના માર્ગમાં કાંટા વેરે છે. પરંતુ ત્હેના મૃત્યુ પછી જ ત્હેનું અસ્તિત્વ સ્વીકારે છે, ત્હેના ગુણગાન કરે છે. ત્હેને પ્રભુ તરીકે પણ પૂજે છે. મહાવીર અને બુદ્ધ, ઈસુ અને મહમ્મદ, સોક્રેટીસ અને લ્યુથર, લોકાશા અને દયાનંદ, લેનીન અને ગાંધી વિગેરેનાં જીવન એ બાબતની સાક્ષી પૂરે છે.

નગરરક્ષકો જેમ જનતાને ચેતવવા આલબેલ પોકારે છે, ત્હેમ ક્રાન્તિના ઝંડાધારીઓ હરપળે જનતાને ચેતવવા ત્હેની પરિસ્થિતિનો ખ્યાલ આપી પ્રગતિના રાહનો નિર્દેશ કરે છે. આવા ઝંડાધારીઓ સ્હામે જનતાના ભોગે સ્વાર્થ સાધતા, સમાજના ભોગે પોતાનું વર્ચસ્વ સ્થાપતા અને ધર્મના ઓઠા નીચે અનેક કુકર્મો દ્વારા સમાજને ચુસતા કેટલાક માંધાતાઓ કોલાહલ મચાવી મૂકે છે. પોતાની સત્તા, લાગવગ અને લક્ષ્મીના જોરે લોકોને ઉંધા પાટા બંધાવવા કમર કસે છે, અનેક જાતની ગુલબાંગો ઉડાવી જનતાને ભડકાવી મૂકે છે; ધર્મ અને સમાજ રસાતળમાં પહોંચી જતાં હોય તેમ કાકારોળ મચાવે છે અને બને ત્યાં સુધી સત્ય સ્વરૂપને ઢાંકવા પોતાના બધા સાધનોનો ઉપયોગ કરી લે છે પણ ત્હેમાં જ્યારે પૂરેપૂરી નિષ્ફળતા સાંપડે છે ત્યારે તે ક્રાન્તિના ઝંડાધારીઓના ચરણ ચુમે છે, ત્હેને શરણે જાય છે.

ઈ૦ સ૦ પૂર્વે પાંચસદી પહેલાંની—એ વાત છે કે જ્યારે બ્રાહ્મણોએ ધર્મના નામે ખુબ અત્યાચારો આદર્યા, સમાજના ભોળપણનો લાભ લઈ સ્વાર્થશાસ્ત્રોની રચના કરી, યજ્ઞયાગાદિના નામે પોતાની લોલુપતાને પોષવા લાગ્યા અને ચોતરફ—માનવભક્ષીઓનું જ સામ્રાજ્ય છવાયું ત્યારે એક ક્રાન્તિકાર પાક્યો. ત્હેણે એ બ્રાહ્મણોના જુલ્મો સામે પોકાર કર્યો. જનતાના દૃષ્ટિવિભ્રમનો પડદો દૂર કર્યો, અને માનવધર્મની સાચી પ્રરૂપણા કરી. બ્રાહ્મણોએ તે સ્હામે જબ્બર આંદોલન મચાવ્યું પરંતુ એ મહાપુરૂષ ન ડગ્યો. તે તો આગે કદમ કરતો જ ગયો. ત્હેને ડગલે ડગલે માનવ સાગર ઉભરાયો. બ્રાહ્મણોની સત્તાના પાયા ડગમગી ગયા. ત્હેમણે જ્યારે એમ જોયું કે હવે આપણે માટે કોઈ સ્થાન જ નથી ત્યારે એ મહાપુરૂષનું શરણ શોધ્યું. ક્રાન્તિની ચીનગારીઓમાં પોતાના કુકર્મોની રજકણોને ભસ્મ કરી સાચા માનવ બન્યા. એક જ ક્રાંતિના અવધૂતે આખા સમાજની કાયા પલટ કરી, અંધશ્રદ્ધા આપોઆપ નષ્ટ થઇ. સમાજને નૂતન દૃષ્ટિ મળી.

ક્રાન્તિકારોનો વિજય તો અચૂક હોય છે, કારણ કે ત્હેને જવાનું કશું જ હોતું નથી. ત્હેની પ્રવૃત્તિમાં કેવળ લોક કલ્યાણનો જ આશય હોય છે. ત્હેની નિઃસ્વાર્થતા જ ત્હેને મહત્તા અપાવે છે. તે ભલે બહુજ અલ્પ સંખ્યામાં હોય પણ જો તે સાચો ક્રાન્તિકાર હોય, નિઃસ્વાર્થવૃત્તિથી ક્રાન્તિનો ઝંડાધારી હોય તો ત્હેની સફળતામાં શંકાને સ્થાન જ ન હોય.

જૈન સમાજ આજે ખુબ ચૂસાઇ રહ્યો છે. ત્હેનું હીર હણાઇ ગયું છે. ન્યાત પટેલો, નગરશેઠો, ધર્મગુરૂઓ અને શ્રીમંતોના બોખંડી પ્રહારોથી ત્હેની બેહાલ દશા થઇ ગઇ છે. યુવકોએ સમાજને બચાવવાના સપથ લીધા છે. આજે સમાજમાં જે અંધાધુંધી પ્રવર્તી રહી છે. ત્હેનું કારણ એ સ્થાપિત હિતો અને નવશક્તિનું ઘર્ષણ થઇ રહ્યું છે તે છે. ક્રાન્તિ માટે રસ્તો સાફ થઇ રહ્યો છે, નગરશેઠો અને ધર્મગુરૂઓનો યુગ ખત્મ થયો છે. આમ જનતામાં આજે એક છેડાથી બીજા છેડા સુધી આ બન્ને શક્તિઓ સ્હામે ખુબ અસંતોષ પેદા થયો છે. પરંતુ વર્ષો સુધી જહેણે સત્તાનો કેફ મહાણ્યો છે, એ સત્તાને ટકાવી રાખવા મરણીયા પ્રયત્નો કરે એ સ્વાભાવિક છે. માનવી પ્રકૃતિમાં સત્તાનો શોખ હોય છે, તે જહેના હાથમાં હોય તે છોડવા તૈયાર ન થાય એ દેખીતી વાત છે. પરંતુ યુગબળ કે જે ક્રાન્તિના ઝંડાધારીઓ પોતાના વિચારોનાં આંદોલનો દ્વારા ઉત્પન્ન કરે છે તે સત્તા છોડવા ફરજ પાડે છે. ત્હેવા સત્તાધારીઓના હાથમાંથી સત્તાની લગામ સરકાવી આમ જનતાના હાથમાં મૂકે છે. આજે અનેક સૂરિસમ્રાટો અને નગરશેઠો પદભ્રષ્ટ થાય છે એ તેનો પૂરાવો છે.

આજના યુવકો એ ક્રાન્તિના ઝંડાધારીઓ છે. ત્હેમના નિઃસ્વાર્થ આત્મભોગથી સમાજમાં કોઇ નવું જ જોમ પેદા થયું છે. એ જોમ જ સમાજના તમામ અનિષ્ટ તત્ત્વોનો નાશ કરશે.

# સુ ❖ સ ❖ વા ❖ તા ❖ વા ❖ ય ❖ રા.

**હવે !**

હમણાં થયેલા પાટનગર અમદાવાદમાં અઢારસો જૈનોએ પ્રિતિભોજન કરી જૂનવાણીનો મૃત્યુદિન અને નવવિચારણાનો વિધિસરનો જન્મદિન ઉજવ્યો. આવડા સમુહમાં હિંદભરમાં છેલ્લાં સૈકામાં આ પ્રકારની નથી તો લડત મંડાઇ કે નથી આવડા સમુહમાં એવી સફળતાની ઉજવણી થઈ. આ પ્રસંગ ધાર્મિક કે સામાજીક દ્રષ્ટિએ હિંદમાં પ્હેલો મનાશે.

અલબત્ત્ નવા ધર્મના ફેલાવા વેળાએ પ્રજાએ આટલો રસ લીધાના દાખલા છે. બ્રહ્મસમાજ કે આર્યસમાજના ઉદ્ભવ વેળાએ આટલી જ ધમાચકડીઓ થઇ હતી. પરંતુ એ તમામ નવા વાદનાં વાદળ હતા. એ નવો ધર્મ—નવિ દિશાનાં પ્રચાર કાર્યો હતાં.

આ તો છે સ્વધર્મની જ વિકૃતિઓ સુધારવાનો પ્રસંગ. અને એ દ્રષ્ટિએ આ પ્રસંગ આજ લગી અપૂર્વ રહ્યો છે.

ઠરાવોની દ્રષ્ટિએ સાવ સામાન્ય અને વિવેચનોની દ્રષ્ટિએ સાવ કંગાલ એવી પરિષદ્ એના પ્રમુખના ભાષણને કારણે અમર થઇ રહી. જે પ્રશ્નો ચર્ચતાં એનાં ચર્ચનારને સહજ સંકોચાવું પડતું અને નજીકના મિત્રો જ 'લોકવિરોધ'ની લાલબત્તી ધરી રહેતાં એ જ પ્રશ્નો આજે ચલણી સિક્કા જહેટલા સરળ બન્યા છે.

ધાર્મિક ને સમાજસુધારનો પ્રશ્ન આજે ગામેગામનો બન્યો છે. મ્હોટા મ્હોટા ગામોથી માંડીને ચાર ચાર ઘરની જૈન વસ્તીવાળા ગામોમાંય—અલબત્ત સોસાયટીના પ્રતાપે—આજે સુધારો ઇચ્છતો મ્હોટો કે ન્હાનો પક્ષ છે જ. છે.

આ આખી જાગૃતિ પ્રાસંગિક કે તાત્કાળીક ઉભ્ભરાનો વિષય ન બની રહે એ વાત પરિષદ્ના કાર્યવાહકોએ હવે વિચારવી રહી છે.

બરાબર ત્રણ માસ થશે. પરિષદ્ ભરાયાને અને ખાસ અધિવેશન ભરવાનું પણ નક્કિ થઇ ચુકયું છે. આજની જાગૃતિને સંગીન સ્વરૂપ આપવાની દ્રષ્ટિએ પરિષદના ખાસ અધિવેશનને અમે આવકારીએ છીએ.

આ ગયા તે ત્રણ માસમાં અમદાવાદની સિદ્ધી લડત પર સૌ કાર્યકર્તાઓનું લક્ષ્ય કેન્દ્રિત બન્યું હતું અને એને કારણે પરિષદ્નું મુખ્ય જ કામ સહજ વિલંબે પડ્યું હતુ. આજે એ લડત છતાઇ ગઇ છે. એટલે પરિષદ્ના કાર્યવાહકોએ અધિવેશન લગીના ત્રણ મહિનામાં ગઇ પરિષદે સ્વીકારેલું રચનાત્મક કાર્ય અને આવતા અધિવેશનનું પ્રચારકાર્ય કરવાના કામે લાગી જવું જોઇએ.

પરિષદે કેટલીક પેટા સમીતિઓ પણ નીમી હતી. એ સમીતિઓ પણ એમનું કાર્ય હવે ઉકેલી નાખે અને કો—ઓપરેટીવ બેન્ક ઇ૦ની સમીતિઓ ખાસ અધિવેશન પ્રસંગે યોજનાઓ રજુ કરવાની તૈયારીમાં રોકાઇ જાય.

પરંતુ સૌથી મહત્વનું કામ તો પચ્ચાસ મંડળોને પરિષદ્ સાથે સંકળવાનું. પરિષદ્ ત્હારે જ સફળ બની શકે. પરિષદ્નું કાર્ય તો જ સફળ થઇ શકે. એની પાછળ ખર્ચાતો પૈસો તો જ ઉપયોગી નિવડે.

મંડળો જોડાવાની વાત વખતે અમને આજના ઉત્સાહની એક માર્ગ ભૂલ પર લક્ષ્ય ખેંચવાની જરૂર લાગે છે. શ્રી પરમાનંદભાઇને આમંત્રીને સાથ આપવા ઇચ્છતાં મંડળો, શ્રી. પરમાનંદભાઇના ભાષણ પરત્વે સાથ જાહેર કરતાં મંડળો હજુ લગી પરિષદ્ સાથે કાં સંકળાતા નથી ? શ્રી. પરમાનંદભાઇ આપણા માનના અધિકારી છે એ બરાબર છે. પરંતુ એમણેજ કહ્યું હતું ત્હેમ વ્યકિત પૂજામાં પડી જઇને પ્રવૃત્તિના ધ્યેયને આપણે નહિ ભૂલવું જોઇએ. આ વાત બરાબર છે ? એ બરાબર હોય તો આજના સમયે કોઇ પણ યુવક મંડળોએ પરિષદ્ સાથે સંકળાઇ જવામાં વિલંબ નહિ કરવો જોઇએ.

પરિષદ્ના કાર્યવાહકો સફરે નિકળે તો આજની જાગૃતિ આ પચ્ચાસ મંડળોની સંખ્યાને બેવડી નાખે એમ લાગે છે. અધિવેશન વખતે અમદાવાદની પરિષદ્ના નિમાયલા કાર્યવાહકોએ એમના કરેલા કાર્યને બતાવવું જ જોઇશે. પરિષદ તો જ મજબુત પ્રતિનિધિત્વવાળી થશે. અને અધિવેશનની જહેમત સાર્થક થશે.

ઉત્સાહપૂર્વક આપણે મથી રહી જૈન આલમ સત્તરમાં સૈકામાં છે તે માત્ર એકજ વર્ષમાં ઓગણીસમાં સૈકામાં આવી જશે. 'ખાતુ ગરમ છે, હથોડામારોને મુનાસબ ઘાટ મેળવી શકશો' આ લુહારનું વાક્ય, લુહાર જહેટલી જ મજુરી કરી આપણે સીદ્ધ કરી શકીએ.

**સાદડીના યુવાનોને.**

સાદડી (મારવાડ)માં જ્યારથી શ્રી લબ્ધિસૂરિજીએ પ્રવેશ કર્યો છે ત્યારથી એક કે બીજી રીતે યુવકોને હેરાન કરવામાં કંઇ બાકી રાખી નથી, ત્યાંનાં શુભચિંતક જૈન સમાજના પ્રમુખ અને સેક્રેટરીઓને સંઘબ્હાર કરવા માટે ખૂબ ધમપછાડા કર્યા પરંતુ સાદડીના સંઘની સમજદારીથી એ બાબતમાં ફાવ્યા નહિ, એટલે રાજ્યમાં લાગવગ લગાડીને પણ યુવકોને દબાવવા પ્રયત્ન કર્યો અને ત્યાં પણ ત્હેમને નિષ્ફળતા મળી હોય તેમ જણાય છે. આમ શ્રી લબ્ધિસૂરિજી ચાહે તેટલી ધમાલ કરે પણ ત્હેમની સ્હામે જે મોરચા મંડાયા છે, ત્હેમની સ્હામે એ ટકી શકવાના જ નથી, અમે યુવકોને પણ સૂચવીએ છીએ કે તેઓ શાંતિપૂર્વક આગે કદમ ચાલુ જ રાખે અને પોતાના સિધ્ધાંતોમાં મક્કમ રહી સાધુશાહી અને સંઘશાહી સ્હામે વિનયપૂર્વક સ્હામનો કરે. અને ત્હેમ કરતાં ચાહે તેટલી આફતો આવે તો ત્હેને હસતે મોઢે સહન કરે. અમે અનેક વખત કહ્યું છે કે સુધારકોનો રાહ કદિ સાફ હોતો જ નથી, ત્હેને તો કંઇક ખાડા ટેકરા વટાવવાના જ હોય છે સાદડીના યુવાન બંધુઓ પણ આજ માર્ગે આગળ વધે એ જ અભ્યર્થના.

**પર્યુષણ પર્વ.**

આ સાલમાં પર્યુષણ માટે ખૂબ મતભેદ ઉભો થયો છે. કેવળ તપાગચ્છ સિવાય દરેક ગચ્છોએ શ્રાવણ વદી ૧૩ ના દિવસથી પ્રથમ ભાદ્રપદ સુદિ પાંચમ સુધી પર્યુષણ ઉજવ્યાં છે. તપાગચ્છમાં પ્રથમ ભાદરવા વદી ૧૩ થી ઉજવાશે પરંતુ ત્હેમાં પણ શ્રી રામવીજયજી અને ત્હેમની માન્યતાવાળાઓએ બારસને અઠ્ઠાઇધર ગણેલ છે, અને બીજા ભાદરવા સુદી પેલી ચોથને દિવસે સંવત્સરી કરશે. અને બીજાઓ તેરસના અઠ્ઠાઇધર ઉજવી. બીજી ચોથે સંવત્સરીપર્વ ઉજવશે, આપણે એ બાબત, જોડે નિસ્બત નથી. જે રીતે તેમની ઇચ્છા થાય એ રીતે ઉજવે. પણ પર્યુષણ શાંતિથી પસાર થાય એ જોવાની આશા નિરાશામાં ફેરવાઇ ગઇ છે. સાધુઓનાં મમત્વ આ રીતે સમાજમાં ભાગલા પડાવે ને માથાં ફોડાવે એ સ્થિતી હવે વધુ વાર નહી ટકવા દેવી જોઇએ.

# ચિન્તન

રામાયણ એ ભારતીય પ્રાચીન કથા સાહિત્યમાં એક મોટો અને મહત્વનો ગ્રંથ ગણાય છે. એમાં નીચે મુજબ એક ઘટના બની હોવાનું લખેલું છે.

શ્રી રામચંદ્રે ભગવતી સીતાની શોધમાં જ્યારે પંચવટીથી પ્રસ્થાન કર્યું ત્યારે તેમને રસ્તામાં વાનરોના સેનાપતિ હનુમાનનો આકસ્મિક ભેટો થઈ ગયો; અને હનુમાન, તેના સાથીદારો અને વાનરસેનાની સહાયથી સીતાને રાક્ષસોના પાસમાંથી મુક્ત કરી શ્રી રામ આદિ અયોધ્યા પાછા ફર્યા. ત્યાં હનુમાન તરફની અપ્રતિમ પ્રીતિના ચિન્હ તરીકે તેમને એક મોતીની માળા ભેટ આપવામાં આવી. હનુમાને એ માળાના પ્રત્યેક મોતીને તોડી તોડી નિહાળ્યું અને ફેંકી દીધું. આમ કરવાથી તે વખતે ઉપસ્થિત સભ્યોને જે શંકા થયેલી તે આજે પણ થાય. અને કોઇ બબડે કે: "વાનર સ્વભાવ ખરોને ?" પણ એ અનુમાન ઉતાવળું ગણાય. કારણ કે હનુમાનનો જવાબ એ હતો કે: "જે ચીજમાં મને રામ ન દેખાય તે ચીજ મને ન ખપે." શ્રી રામ તરફની આ અદ્વિતીય ભક્તિથી તેઓ ધન્યવાદને પાત્ર બન્યા.

❖ ❖ ❖ ❖

મેસર્સ શ્રીકાંત અને મોદી કંપનીએ થોડાં અઠવાડીયાં પહેલાં ભાંગવાડીમાં ભરાયેલી એક સભામાં જે વચનપુષ્પો (!) વેર્યાં છે. તેમાં નીચેના શબ્દો પણ જડી આવે છે:

"અમારે સ્વરાજ્ય ફવરાજ્ય ન જોઇએ. અમારું સ્વરાજ્ય મોક્ષ છે." વાત સાવ સાચી જણાય છે. શાસન પ્રેમી બંધુઓનો મોક્ષ શ્રી રામસૂરિની કૃપાદૃષ્ટિમાં રહેલો હોઇ તેમના મોક્ષની આડે આવવાની કોઇનેય જરૂર ન જ હોય. કારણ કે પ્રત્યેક હિન્દના હિતના અર્થે જે 'રાજ્ય'ની મહાત્માજી માગણી કરી રહ્યા છે. તે 'રામ-રાજ્ય'ની સાથે સત્યયુગ ગણાતા સમયમાં થયેલા શ્રીરામચંદ્રનું નામ જોડાએલું છે. નહી કે વર્તમાન કળીયુગના શ્રીરામસૂરિનું. અને શ્રી રામસૂરિના ચુસ્ત ઉપાસક તરીકે જે ચીજની સાથે તેઓનું નામ જોડાએલું હોય તેવી ચીજને હાથ લગાડે અગર તેના ઉપભોગની ઇચ્છા રાખે તો સ્વાભાવિકજ 'રામભક્તિ'માં એટલી ઉણપ ગણાય. એટલે કે જૈન જનતાએ 'શાસનપ્રેમી પક્ષ'નો પ્રધાન સૂર રજુ કરતા શબ્દોને અવગણવા જેવા નથી. બલ્કે એ શબ્દોચ્ચાર માટે તો એ બંધવ બેલડીને જાહેરમાં ધન્યવાદ અપાવો ઘટે !

❖ ❖ ❖ ❖

આ વિશાળ જગતમાં જે વિવિધ પ્રજાઓ વસે છે. તેમાં જે આપણે ગણીએ તો કમનસીબ ગણી શકાય તેવી એક પ્રજાનો સમાવેશ થાય છે. અને એ 'યહુદી' એ નામે ઓળખાય છે. એ પ્રજાનો મોટો ભાગ કેવળ 'આર્થિક મોક્ષ'માં જ માનતો હોઇ ધનપ્રાપ્ત કરવામાં અને તેને સંગ્રહ કરવામાં જ રચ્યોપચ્યો રહે છે. (અલબત જેની ઇતિહાસે નોંધ લીધી છે એવા વિદ્વાનો પણ એ પ્રજામાં હતા–છે.) અને એમનું આ વારસાગત લક્ષણ 'સ્વાતંત્ર્ય' ચાહતી પ્રત્યેક પ્રજાને મન 'દુષણ'રૂપ થઈ પડવાથી એમને જગતના પ્રત્યેક ભાગમાંથી જાકારો મળી રહ્યો છે. અને આજે તો આલમભરમાં એ લોકો 'વતન વિનાના યહુદીઓ' નામે પ્રસિદ્ધ બન્યા છે. એમની સ્હામે આવી રહેલી જેહાદથી અકળાએલા એ યહુદીઓની દયા ખાઇને કે બીજા કોઇ કારણે તેમને પેલેસ્ટાઇનને નામના પ્રદેશમાં–તેમને કોઇ પજવે નહી તેવી બાંહેધરી સાથે વસવાની પરવાનગી આપણી શાહી સરકારે આપી છે. તેઓ ત્યાં ઠરી ઠામ થાય તે પહેલાં જ પેલેસ્ટાઇનવાસી આરબોએ તેમની હસ્તી સ્હામે અવાજ ઉઠાવ્યો: જેહાદ પોકારી. વર્તમાનપત્રોદ્વારા મળતા સમાચારોઉપરથી સ્હમજાય છે, કે: 'આરબો યહુદીઓને' સ્વાતંત્ર્ય પ્રાપ્તિના માર્ગમાં કાંટા સમાન ગણે છે.' તે ગમે તે હો. પણ એ કમનશીબ 'વતનવિનાના યહુદીઓ' હજુય વતનવિનાનાજ રહ્યા છે !

❖ ❖ ❖ ❖

આ દેશમાં રહેવા છતાં, અહિંના હવા પાણી અને અન્નથી પોષાવા છતાં, અહીંઆ જન્મેલા ભગવાન મહાવીરના પૂજક હોવા છતાં, અને અહીંના જ વાતાવરણમાં રચાએલા ધર્મગ્રન્થોમાંથી પ્રેરણા મેળવવાનો દાવો રાખતા હોવા છતાં. આપણા 'શાસનપ્રેમી' બંધુઓને આ દેશની મુક્તિની જરૂર નથી લાગતી. તેમને તો તેમણે માનેલું 'મોક્ષનું સ્વરાજ્ય' જોઇએ છે. સંભવ છે, કે: આ 'મનોદશા'નો અતિરેક થતાં ભવિષ્યમાં 'વતન વિનાના યહુદીઓ' ની માફક તેઓ સ્થાન વિનાના 'શાસન પ્રેમીઓ'નું નામ પ્રાપ્ત કરે ખરા ? અને આજની જનતાનું તો ઠીક છે. પણ આવતી કાલની પ્રજા કદાચ આ મહાનુભાવો (!) ની આ મનોદશા ઉપરથી અને આવી 'મનોદશા' ધરાવનાર વર્ગના હાથે કેવાં કામ થઇ શકે તેની 'કલ્પના કરી આ બંધુઓને કદાચ 'રાષ્ટ્રદ્રોહી' માનવા પ્રેરાય તો ના ન કહેવાય ! અને જો વાત આગળ વધે તો સંભવ છે, કે: એ વર્ગની ઇચ્છા હોય કે ન હોય તો પણ તેમને શ્રીરામસૂરિ કે તેમની ગેરહાજરીમાં તેમના કો પટ્ટધરની આગેવાની નીચે 'મોક્ષપ્રદેશ' તરફ કુચ કરવી પડે ખરી ! ચિંતા માત્ર એટલી જ કે ત્યાંપણ 'સ્વાતંત્ર્ય' પ્રેમી તેમને ભેટી જાય તો 'ધર્મ' નામના સુંદર શબ્દનો આશ્રય અને બાંહેધરી હોવા છતાં કદાચ તેમને ત્યાંથી પણ વગર પ્રવેશે પાછા ફરવાની ફરજ પડે ! અને તો તો પુરાણોમાં પ્રસિધ્ધ ત્રિશંકુરાજાએ વસાવેલા ત્રિશંકુપ્રદેશમાં વસવાની ઇચ્છા કરવી પડે. પરંતુ પ્રશ્ન ઉભો થાય છે કે: પૃથ્વીપટ પરથી સ્થાન ભ્રષ્ટ થયેલા અને મોક્ષના દ્વારેથી પાછા ફરેલાને ત્રિશંકુ સંઘરે ખરો ?

અને ત્યારે તો માત્ર એકજ માર્ગ બાકી રહે: અને તે તેમને લાયક કોઇ પ્રદેશ શોધી લેવાનો. અને માટે તેમણે અત્યારથી નિષ્ણાતોની એક કમીટી નીમી તે દ્વારા પોતાને વસવા લાયકભૂમિની તપાસ શરૂ કરી દેવી. અને કદાચ આજ વધારે ઉચિત માર્ગ છે. કારણ કે 'યહુદીઓ'ની માફક ચારે તરફથી "જાકારો' વાળવો તેના કરતાં અગમચેતી વાપરી પાણી પહેલાં પાળ બાંધવી એજ ઠીક છે. વણિક બુધ્ધિ હંમેશા આગળ હોય છે. અને પાણી પહેલાં "પાળ બાંધવાની તેમની કુદરતી વૃત્તિ હોય છે.

# ભીતરના ભડકા

જે ધર્મમાં, ધાર્મિક ને સામાજીક બંધારણમાં નાના મોટાનો ભેદ નહિ. ઉંચનીચના પ્રકાર નહિ, સ્ત્રી ને પુરૂષ સરખા હકકના અધિકારી, જેમાં વર્ણાશ્રમ જેવી વસ્તુ જ નહિ. જેમાં અહિંસા સત્ય, સહનશીલતા, ત્યાગ, સેવા, નિર્ભયતા, તપ ને પરોપકારના ઉચ્ચ સિદ્ધાંતો; એવો જૈન ધર્મ એક વખત જગતમાં વિશ્વધર્મ તરીકે ઓળખાતો. એનું સાહિત્ય જગતના સાહિત્યમાં આજે પણ સમૃદ્ધ અને વિશિષ્ટ ગણાય છે. જ્યારે જગતમાં ધર્મના નામે ઘોર હિંસા થતી, ત્યારે એ જ ધર્મે વિશ્વને અહિંસાનો પાઠ ભણાવી હિંસા ઉપર વિજય મેળવ્યો. જ્યારે ઉચ્ચનીચના ભેદ ગણાતા, વર્ણાશ્રમની દીવાલોના રખેવાળો કડકાઇથી એની રક્ષા કરતા, ત્યારે એ જ ધર્મે ઉચ્ચનીચના ભેદને ભૂલાવ્યા. વર્ણાશ્રમની દીવાલોને જમીનદોસ્ત કરી રખેવાળોને પોતાના કરી લીધા. એને એનું ક્ષેત્ર વિશાળ બનાવી જગતના સર્વમનુષ્યોના ઉદ્ધારનું બીડું ઝડપી સૌને પાંખમાં લીધાં. અને એ દર્શનની મહત્તા સિદ્ધ કરી.

એના અનુયાયીઓમાં અનેકે દેશની રક્ષા માટે બલિદાનો દીધાં છે, અનેકે ધનના ભંડારો દેશના ચરણે ધર્યા છે. અનેક પ્રાણીમાત્રની સેવામાં કોઠારો ખાલી કર્યા છે. શિલ્પને સાહિત્ય પાછળ ધનના ઢગલા કર્યા છે. રાજ્ય ચલાવ્યાં છે. હુન્નર ઉદ્યોગ ખેડી દેશને સમૃદ્ધ બનાવ્યો છે. અનેક સાહસો ખેડ્યાં છે. સમર્થ વિદ્વાનો પેદા કર્યા છે. ને મુગ્ધ કરે તેવા અનેક ગ્રંથો જગતને ચરણે ધર્યા છે. એ ભૂતકાળનો ઇતિહાસ.

જૈનોનો ભૂતકાળ એટલે સુવર્ણ, સાહસ, સમૃદ્ધિ, દાનાઇ, શૂરતા, મુત્સદ્દીગીરી આમ દરેક રીતે ઉન્નતિનો ઉજ્જવળ યુગ ગણાય.

એ સમયનાં પાનાં ઉકેલતાં ને આજનાં સમય તરફ નજર કરતાં કયા જૈનના અંતરમાં ગમગીની લાગ્યા વિના રહેશે?

આજની સ્થિતિમાં ગામેગામ, શહેરે શહેર ને ઘરેઘર કંકાસની હોળીઓ સળગતી દેખાશે. શરીરે હાડકાના માળા જેવા માયકાંગલા લાગશે. મરણ પ્રમાણ ભયંકર દેખાશે. સામાજીક સોઢી પીતા રીવાજોથી ઠેરઠેર બેહાલી નજરે પડશે. જ્ઞાનધરઓની જગ્યાએ અજ્ઞાનના અંધારા ઘર નિહાળવા મળશે. ધર્મના નામે ચરી ખાતા સાધુઓની પેશકદમીથી, ધર્મના નામે ચાલતાં અનેક ધતિંગોથી, જર્જરીત દશા દેખાશે. વ્હેમ અને રૂઢીઓના પંજામાં જકડાએલી જણાશે. બેકારી ને ગરીબાઇથી કંગાલીયતતા નિહાળાશે. જ્ઞાતિઓ, તડો, ઘોળો, વાડાઓ, ગચ્છો ને મતમતાંતરોથી છિન્નભિન્ન સ્થિતિમાં સપડાયેલી જણાશે, સ્ત્રી પુરૂષના ભેદ ઉભા કરી પાંગળી બનેલી દેખાશે. હુન્નર ઉદ્યોગ ને સાહસિક વેપારી જીવન છોડી દઇ સટ્ટાની જાળમાં સપડાએલી લાગશે. આત્મકિંપામાં જ સંતોષ પકડી અંતર આત્માને ઠગતી દેખાશે. સાચા સંતોના બદલે મોટા ભાગે કલેશોત્પાદક પાખંડીઓના જ બેઠા થશે, આ રીતે અનેક રોગો ને તોફાનોમાં સમાજ મરણ પથારીએ પડયો છે.

આ વિનાશક પરિસ્થિતિનાં મૂળ વીશમી સદીમાં જ નખાયાં કે પહેલાં તે તપાસીએઃ—

ગુર્જર નરેશ કુમારપાળ સુધીનો જૈન ઇતિહાસ સોળે કળાએ ખીલેલા સૂર્ય જેવો સુવર્ણયુગ. એ યુગમાં થયેલ અનેક મહર્ષિઓ (આચાર્યો)માં આત્મકલ્યાણની સાધનાય કરતા ને જૈન સમાજને એ રસ્તે વાળવા દેશકાળને અનુસરી ઉપદેશ કરતા, પ્રસંગ આવે રાજ સભામાં જઇ રાજ્યની વિચારણામાં ભાગ લેતા, સંકટ સમયે આખા ય સંઘને એક સ્થળેથી બીજે સ્થળે લઇ જતા, રાજકુમારોને આશ્રય આપતા, સમાજના નવલોહિયામાં પીરતા ને જૈન દર્શનના રસ સીંચતા, સમાજની ઉન્નતિમાં ખડે પગે ઉભા રહેતા, સાહિત્યમાં વિપુલ વધારો કરતા, સમાજ, દેશ ને ધર્મનાં હિત હૈડે રાખી ફરતા, ક્યાં એ યુગના મહાત્માઓ અને આજના વામન સાધુઓ?

એ યુગના શ્રાવકો પણ રાજકારભારમાં મહત્વનો ભાગ લેતા, ને અગ્રસ્થાન ભોગવતા. વેપાર વણજ ખેડતા, દરિયા ડોળતા, દેશ અને સમાજની સેવામાં જ સાર્થકતા સમજતા, ધીન બદલે છૂટે હાથે નાણું ખરચતા. દુઃખીઆના બેલી ગણાતા. ધર્મગુરૂ હોય, રાજસત્તા હોય કે ગમે તેની જોરાવર સત્તા હોય છતાં નિર્ભય રીતે સાચે સાચી વાત સુણાવી શકતા ને સમાજનું સુકાન અણનમ રાખતા. એટલે જ એ યુગને સુવર્ણયુગ કહેવાય છે.

એ મહર્ષિઓ ગયા, વિમળ, મુંજાલ, ઉદયન, વસ્તુપાળ, તેજપાળ, આભુ ને જગડુ ગયા ને અંધારીયો—પડતીનો યુગ બેઠો. જેઓ સંઘના ધોરી ગણાતા, સુકાની ગણાતા તેઓ મુળ વસ્તુને બાજુએ મૂકી ફોતરાં માટે લડાઇમાં ઉતર્યા, જૈનદર્શનના પ્રચારના બદલે તુંબડીસી શરૂ થઇ, વર્ણભેદના, નીચઉંચના ભેદભાવ ઘુસ્યા, વિશાળતાને બદલે સંકુચિતતાએ પગપેસારો કર્યો. જૈન સમાજમાં થતો વધારો અટકયો. અનેક કુળો ને જાતિઓની જાતિઓ જૈનદર્શન છોડી અન્યદર્શનમાં ભળવા માંડી, સોળમી સદીના બે કરોડ જૈનો સાધુઓના કંકાસે, સંકુચિતતાના ભયંકર પાપે ઘટવા જ માંડયા. છતાં ઝઘડાની પાછળ ઘેલા બનેલાઓ સમાજની પડતી તરફ ધ્યાન ન આપતાં ચોથ–પાંચમના, દિગંબર–શ્વેતાંબરના, ઇરિયાવહિયાના, પાંચ અને છ કલ્યાણના, ત્રણ અને ચાર થુઇના, મુહપત્તિ બાંધવિ કે ન બાંધવાના, સ્થાનકવાસી ને દેરાવાસીના, કેવળીને ઇરિયાવહિયાની ક્રિયા લાગે કે નહિ, એલચી સચિત્ત કે અચિત્ત, સાધુ વસ્ત્ર સફેદ પહેરે કે રંગીન, આ પ્રમાણે વિધિમાર્ગના મતભેદે ભયંકરરૂપ પકડયું. નિર્ભય આગેવાના અભાવે, શેઠો ને પટેલો સૌ સૌના ચોતરો કાયમી કરવા મહોરાં બન્યાં, સમાજનું બળ તૂટતુંજ ગયું. એની લીલીવાડી બેહાલબેહાલ થવા લાગી. છતાં મોવડી કહેવાતા આગેવાનોના ચક્ષુઓ ન જ ઉઘડયાં. માથવગરની બાબતોએ ગંભીરરૂપ લીધું. ગચ્છના ઝઘડાઓ, પદવીની મારામારીઓ ને બાહ્ય ધમાલે સમાજ તૂટતી જ ગઇ. છતાં સમાજના જૈનદર્શનના હિત ખાતર એ ઝઘડાઓને તિલાંજલિ આપવાને બદલે એક બીજાને ઉત્સૂત્રપ્રરૂપક, મિથ્યાત્વી, નરકગામી, નધિકા, મૂર્ખાનંદો વિગેરે અનેક તુચ્છ શબ્દોમાં ગાળાગાળીઓ દેવાઇ. એક બીજાએ નોખા ચોતરા જમાવી સમાજને બેહાલ કરી.

# સ્વીકાર અને સમાલોચના

**શ્રી નિત્યસ્મરણ માલિકા:**–સંગ્રાહક રાધનપુરનીવાસી શ્રી ભીમનલાલ શ્રીચંદ શાહ અને પ્રકાશક શ્રી મનસુખલાલ હીરાલાલ લાલન ધનજી સ્ટ્રીટ મુંબઇ નં. ૩ મૂલ્ય અમૂલ્ય.

આપણા સમાજમાં 'સ્મરણો' માટે ખુબ માન છે, રૂઢિચુસ્તો કે સુધારકો બન્નેની દૃષ્ટિએ 'સ્મરણો' ખુબ ઉપયોગી છે, આમ તો સ્મરણોની અનેક પુસ્તિકાઓ બહાર પડે છે. પરંતુ આ સ્મરણ માલિકામાં વિશેષતા ત્રણ ઇંચ લાંબી અને બે ઇંચ પહોળી હોઈ ગમે ત્યાં સ્હેલાઇથી મૂકી શકાય છે. છપાઈ પણ બહુજ સુંદર અને પાકા પુંઠાં ઉપર સોનેરી અક્ષરો ગમે ત્હેને ગમી જાય તેવાં છે. શ્રી ભીમનલાલ શ્રીચંદે ત્હેમના સ્વ. ધર્મપત્ની શ્રીમતી રંભા બ્હેનના સ્મરણાર્થે આ પુસ્તકનો તમામ ખર્ચ આપેલ છે.

**આચારાંગ સૂત્ર:**–અનુવાદક શતાવધાની પં. શ્રી સૌભાગ્યચંદ મહારાજ પ્રકાશક:–લક્ષ્મીચંદ ઝવેરચંદ સંઘવી. મંત્રી શ્રી મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર માણેકચોક અમદાવાદ મૂલ્ય એક રૂપીઓ ૧–૦–૦ અભિપ્રાય હવે પછી.

**સજ્ઝાય કાવ્યમાળા:** પ્રકાશક કિંકરદાસ ઉર્ફે પોપટલાલ પરસોતમ શાહ પતાસાનીપોળ નવી પોળ અમદાવાદ. આમાં શ્રી શાંતિસૂરિના ગુણગાન હોઇ ત્હેમના ભક્તોને ઉપયોગી છે.

## "આવતો અંક વી. પી."

**આવતા અંકથી દરેક ગ્રાહકો ઉપર વી. પી. કરવામાં આવશે. એટલે જેમને ગ્રાહક તરીકે ન રહેવું હોય ત્હેમણે મહેરબાની કરીને લખી જણાવવું કે જેથી પોસ્ટ ખર્ચમાં ન ઉતરવું પડે**

**"વ્યવસ્થાપક"**

**શ્રી સિધ્ધક્ષેત્ર જૈનશ્રાવિકાશ્રમ:**–પાલીતાણાનો સંવત ૧૯૮૯ અને ૯૦ ની સાલનો રિપોર્ટ મળ્યો છે.

શ્રી સિદ્ધક્ષેત્ર જૈનશ્રાવિકાશ્રમ:–પાલીતાણા મકાનની ઉદ્ઘાટન ક્રિયા સમારંભનો રિપોર્ટ આ બન્ને રિપોર્ટનું અવલોકન અવકાશે આવશે.

## શ્રી જૈન યુવક પરિષદની સ્થાયી સમિતિની બેઠક.

તા. ૬–૯–૩૬ ના રોજ અમદાવાદ ખાતે ઉપર્યુક્ત સમિતિની બેઠક શ્રી પરમાનંદ કાપડીઆના પ્રમુખપદે મળી હતી. નીચેનું કામકાજ સર્વાનુમતે થયું હતું. પ્રમુખ સ્થાનેથી સુધરેલા બંધારણનો ખરડો રજુ કરવામાં આવ્યો જે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો.

કાર્યવાહક સમિતિને ઓછામાં ઓછી રૂ. ૨૦૦ સુધી ખર્ચ કરવાની સત્તા આપવામાં આવી. વિશેષ ખર્ચ માટે સમિતિની મંજુરી મેળવવી પડશે. સ્થાયી સમિતિ દરવર્ષે એક વાર્ષિક સભા બોલાવશે. જે વખતે આખા વર્ષ દરમ્યાન થયેલા કામકાજનો વૃતાંત તેમજ આવક જાવકનો હિસાબ તેમજ સરવૈયા રજુ કરશે. અને નવા વર્ષનું અંદાજ પત્ર પણ મંજુરી માટે રજુ કરશે. અને જ્યારે સ્થાયી સમિતિની નવી ચુંટણી થવાની હોય ત્યારે અંદાજ પત્ર નવી સમિતિ નક્કી કરશે.

પરિષદની ચાલુ કાર્યવાહીના ખર્ચને પહોંચી વળવા માટે ફંડ ઉઘરાવવાની સત્તા મંત્રીઓને આપવામાં આવશે.

**ખાસ અધિવેશનને બહાલી:**–

કાર્ય વાહક સમિતિએ ડીસેંબરની આસપાસ યુવક પરિષદનું ખાસ અધિવેશન ભરવાનો જે ઠરાવ કર્યો છે. તેને આ સમિતિ બહાલી આપે છે.

**યુવક સંઘોની સ્થાપના:**–

યુવક સંઘોની સ્થાપના માટે જુદા જુદા શહેરોની વિભાગવાર ચુંટણી કરવામાં આવી.

**દુષ્કાળ અંગે કર્તવ્ય:**–

આવતું વર્ષ દુષ્કાળ પડે એવો સંભવ લાગે છે તો તે સંયોગોમાં જ્યાં જ્યાં મહાસભા સમિતિ તરફથી અથવા પ્રજાકીય કોઈ સંસ્થા તરફથી દુષ્કાળને અંગે રાહત આપવાની પ્રવૃતિ ઉપાડવામાં આવે ત્યાં ત્યાં સ્થાનિક યુવક સંઘોને તે પ્રવૃતિને બને તેટલો સહકાર આપવાની ખાસ ભલામણ કરવામાં આવે છે.

**પર્યુષણ વ્યાખ્યાનમાળા:**–શ્રી મુંબઈ જૈન યુવક સંઘે ગોઠવેલ પર્યુષણ વ્યાખ્યાનમાળાનો જનતા ખૂબ લાભ લઇ રહી છે. રોજબરોજ અવનવું સાંભળવા મળતું હોવાથી હીરાબાગનો હોલ ચીકાર રહે છે. ઉભું રહેવાની પણ જગ્યા મળતી નથી, બ્હેનો પણ આ વ્યાખ્યાનમાળામાં ઠીક રસ લઇ રહી છે.

---

સમાજના બળને એકત્ર કરવાને બદલે જુદા જુદા ચોતરા જમાવી તેને મજબુત કરવા અને પોતાની મહત્તાઓની પીપુડીઓ બજાવવામાં તેઓ મહત્તા સમજ્યા. બીજી બાજુ સમાજ ઉપર ચારેકોરથી મારો શરૂ થઈ ગયો હતો. એની ધાર્મિક રહેણીકરણીમાં પણ અન્ય દર્શનીઓના ઓળા ઉતરવા માંડ્યા. અનેક જાતની નકલો થઇ. અને ધર્મના નામે વિધિવિધાનમાં અનેક નવા ચીલા પડ્યા. છતાં કહેવાતા અગ્રણીયો મૌન જ રહ્યા. એટલું જ નહિ પણ તેમણે ચાલતું હતું તેમ ચાલવા દીધું એમ કહેવું પડશે.

સાધુ સંસ્થામાં પેઠેલી શિથિલતા, હુંસાતુંસી, બાહ્ય આડંબર ને માન અકરામના વળગેલા ભૂતે એમની પણ પાયમાલી કરી. છતાં એમ કહેવું પડશે કે એ પડતીના યુગમાં–અંધારીયા યુગમાં પણ કોઇ કોઇ તારલા ચમકયા છે.

પતનના પડઘમ ચારે બાજુ બાજવાં લાગ્યાં. આખરે શ્રી. સત્યવિજય પંન્યાસ નામના સમર્થ મહાત્મા બહાર આવ્યા ને દેશ કાળને અનુસરી ૪૮૦ બાબતોમાં સુધારા કરી સાધુ સંસ્થાને ઉભી કરી. થોડાંક વર્ષો જૈન સમાજે શાંતિ નિહાળી, છતાંય વિધિવિધાનના ઝઘડા કોઇ કોઈ સ્થળે ઝબુકીઓ કરતા ને મોટેરાં સમય સૂચકતા વાપરી પતાવી દેતા. એટલે એ બળેલા અગ્નિના ભડકા થતા નહીં.

# અમદાવાદમાં પ્રીતિભોજન અને........

અમદાવાદથી સમાચાર આવ્યા જ કરતા હતા, 'પ્રીતિ ભોજનમાં થોડા માણસો ભાગ લે તે માટે સત્તા, અધિકાર અને લાગવગનો ઉપયોગ થઇ રહ્યો છે,' 'સ્વામિવાત્સલ્યો અને પૂજાઓમાં લોકોને રોકી દઇ પ્રીતિભોજનમાંની માનવ સંખ્યા ઘટાડવાની યોજનાઓ પણ વિચરાઇ રહી છે.' 'શ્રી પરમાનંદ આવે ત્યારે કાળા વાવ-ટાઓ ફરકાવવા માટેના વાવટાઓ તૈયાર થઇ ગયા છે. 'પોલીસને આ પ્રીતિભોજન થશે તો ઝઘડા કે મારામારી થશે એમ સમજાવી પ્રિતિભોજન અટકાવવાની વિનંતી કરવા અમારા અમુક તમુક શેઠો ગયા હતા.

આ અફવાઓ કુતુહળ પ્રેરતી હતી, અને શ્રી પરમાનંદભાઇની સાથે જ હું અમદાવાદ જવા ઉપડયો. મહેમદાવાદમાં ખેડાના નગર-શેઠ, ખેડા વર્તમાનના તંત્રી અને બીજા સજ્જનો તરફથી શ્રી. પરમાનંદભાઇનું સ્વાગત થયું અને મોટરે અમદાવાદનો રસ્તો લીધો.

કળાજોગી શ્રી રવિભાઇ રાવળના બંગલે પરમાનંદભાઇનો ઉતારો રખાયો. થોડીક તૈયારી કરીને હું ગામમાં લટાર મારવા નિકળ્યો.

કાંઇક અવનવું થવાનું હોય તેમ ગામમાં ઉત્સાહ ને ગભરાટ બન્ને હતા, જૈન અને જૈનેતરો બસ એનીજ ચર્ચા કરી રહ્યાં હતાં. કંઇક અફવા આવતી હતી અને કેટલાંકને બનાવી જતી હતી.

રૂઢીચુસ્તો મુછોમાં હસતા હતા. એ માનતા હતા કે આ નાટક નિષ્ફળ જવાનું છે. પણ પાંચસો પંદરસો, સાતસો, સતરસો, અઢાર-સો. અધધધ. રા. નેમવિજય ગભરાયા. નગરશેઠના શેઠાઇની ચિતા પર આકાશમાંથી વાદળાં છંટકાવ કરી રહ્યાં. કઢીઆઓ છુપાઇ ગયા. તૈયારીઓ ખલાસ થઇ ગઇ.

જાણ વાગ્યા......ને ઘણા પગલાં વાડી તરફ વળવા માંડયા. પાઘડીઓ ને ટોપીઓ ને સાડીઓ કોઇ સુંદર દ્રશ્ય રજુ કરતા હતાં. સાડા ચારે શ્રી કાપડીઆ આવ્યા. 'વંદે માતરમ્'ના જયઘોષ થી એમને સૌએ વધાવ્યા. સૌ સરસ રીતે ગાદી તથા પાથરણ પર ગોઠવાયા. પૂર્ણ શાંતિ અને અજબ વ્યવસ્થા મુગ્ધ કરી રહી હતી. શ્રી શંકરદાસના સ્વાગત ગીત પછી શ્રી. કાપડીયાએ સૌનો આભાર માન્યા પછી કહ્યું, બે માસ પહેલાંના અમદાવાદના જૈન યુવાનોમાં હું ઘણો ફેરફાર જોઇ શકું છું. પરિષદ પેલાનું વાતાવરણ અને વિચારનો મુકાબલો કરતાં મ્હને આસમાન જમીનનો ફેર આજે તમારામાં જણાય છે. સંઘના ઠરાવનો આટલી મોટી સંખ્યામાં તમે પ્રતિકાર કરો છો તે બદલ હું તમને ધન્યવાદ આપું છું. કવિની કલ્પનામાં ન આવે એવું દ્રશ્ય નિહાળતાં આજે મ્હારૂં દિલ હર્ષથી ભરાય છે. નવા યુગના ઉદયની મ્હારી આગાહીઓ આજે સાચી પડતી જોઇ મ્હને આનંદ થાય છે.

જાણીતી સંસ્થાઓ જાણીતા સાધુઓ અને નેતાઓ તરફથી આપણી ચળવળ પ્રત્યે સહાનુભુતિ જતાવવામાં આવે છે એનો અર્થ એ છે કે નવે ચીલે ચાલવાની આપણી તૈયારીઓ છે.

શ્રી. મેઘાણીનું 'શેખી મકર' વાળું ગીત ગાઇને શ્રી. કાપડીઆએ કહ્યું, 'સામાજીક ક્ષેત્રમાં આપણે નાનું બારડોલી રચતાં હોઇએ એમ હું માનું છું. સંઘની આપખુદ સત્તા સામે આંખમીંચામણાં કરવાં યુવકોને પાલવે નહિ એ આપણે જતાવી આપ્યું છે. સામાજીક ઉત્થાન શી રીતે થઇ શકે એનો આ દાખલો છે. વ્યકિતઓને ગૌણ સમજી આપણે ધ્યેયને જ નજર સમક્ષ રાખવું જોઇએ. સમા-જના મોટા ભાગને આપણી તરફ ત્યારેજ ખેંચી શકીએ કે જ્યારે આપણા વાણી અને જીવન પર સંયમ હોય, વડીલોની સેવા કરવાનો ધર્મ છે છતાં આપણું વર્તન તો આપણી બુદ્ધિ અનુસાર હોવું જોઇએ. નમતું તોલનાર કદિ કંઇ કરી શકતો નથી.' અંતમાં યુવક સંઘને મજબુત બનાવવાનું કહી એમણે ભાષણ પુરું કર્યું હતું.

શ્રી. ધીરજલાલ શાહે પ્રીતિભોજન સમીતિ તરફથી વિવેચન કર્યું હતું. પછી ભોજનકાર્ય ચાલ્યું. શ્રી. ફુલચંદ દોશીની દેખરેખ હેઠળ ચીમનલાલ નગીનદાસ વિદ્યાર્થીગૃહના વિદ્યાર્થીઓએ પીરસવાની સેવા બજાવી હતી.

સોમવારે તો શ્રી પરમાનંદભાઇને જુદી જુદી પોળો તરફથી સત્કારવાનાં આમંત્રણો મળ્યાં. ઝવેરીવાડ સેવાસમાજે તો રીગલ થીએટરમાં જાણીતા મહાસભાવાદી શ્રી. મોરારજી દેસાઇના પ્રમુખપદે શ્રી. પરમાનંદનો સત્કાર કર્યો. પછી પેલા લહીજીની નાગજી ભુદર પોળમાં શ્રી. શકરાભાઇએ જમણ આપ્યું. એ જમણ લેતી વેળા એક સીત્તેર વર્ષના વૃદ્ધ માતા શ્રી પરમાનંદને મળવા આવ્યાં અને સમાજની આજની મનોદશા માટે દિલગીરી જાહેર કરી. આવાં વૃદ્ધ ડોશીના દર્શને હું પાવન થયો. ત્યાંથી અહિંની જૈન યુવક પ્રવૃત્તિના કેન્દ્રસ્થાન શા જયોતિકાર્યાલયમાં, હવેલીની પોળમાં પરિ-ષદના સ્વાગત મંત્રી કેશવલાલભાઇને ત્યાં, વાઘણ પોળમાં શ્રી જયંતીલાલને ત્યાં, શ્રી શાન્તિલાલ ભગતને ત્યાં, યુવકોનો પ્રેમ ઝીલી શ્રી મુળચંદ આશારામ વૈરાટીની મીઠી મહેમાનગતીની મોજ માણી શ્રી પરમાનંદભાઇએ સ્ટેશનની વાટ લીધી.

જુવનોના હર્ષનાદ વચ્ચે ટ્રેન ઉપડી. હું બારીમાં પડયો અને પોળે પોળે એ કુતુહળ પ્રેર્યા નરનારીઓ શ્રી પરમાનંદને ઓળખવા આવતાં તે દ્રશ્યો તાજાં કરવા લાગ્યો.

અમદાવાદની સંઘસભાના ફારસ ને સંઘનો ઠરાવ કહેવડાવતા ને માનના માનવેલાં પડળ ખોલતો આ પ્રસંગ એની રોઠાઇનું દફન થયું એટલા માટે અમદાવાદ જ નહિ પણ જુવાનીના પરચા તરીકે હિંદના જૈન સંઘો કોતરી રાખશે.

આવા અપુર્વ પ્રસંગના સર્જન માટે અમદાવાદના નવજવાન દોસ્તોને હું મુબારક બાદી આપુ છું

**ગોડીજીમાં ગુંડાગીરી:**—આજે શ્રી રામચંદ્રસૂરિએ ધાર્મિક પોષકના પ્રબંધેકરાન આપી કેટલાક ગુંડાઓને ગોડીજી મહારાજના ઉપાશ્રયમાં કલ્પધરનો દિવસ બળજબરીથી મનાવવા અને દેવસુર સંઘના ઠરાવને ઠોકરે ઉડાવવા મોકલ્યા હતા, તેમણે અનેક નિર્દોષ માણસોનાં માથાં ફોડી ઉપાશ્રયને પાણીપતના મેદાનના રૂપમાં ફેરવી નાંખ્યો છે, ખરી વાત તો એ છે કે આવા તોફાની સાધુઓને ઉપાશ્રયની બહાર કાઢી ઉપાશ્રયે તાળાં લગાવી દેવાં જોઇએ. સમાજના રક્ષણ અર્થે ગરદીઓએ આટલું કાર્ય તો જરૂર કરવું જોઇએ.

# ચા....બુ....ક.

'મ્હેતાજી !' શેઠ કહેતા હતા 'બે પૈસાવાળી એક કોરી ચોપડી લઈ આવજો, અને આપણી સંવત્સરી રવિવારની છે એટલે અગાઉથી 'મિચ્છામિ દુક્કડમ્' આવે તે જમે કરી રાખજો જેથી બીજે દિવસે ઉધારવાનું ભૂલાય નહિ.'

❖ ❖ ❖

'અમદાવાદમાં પ્રિતિભોજન શાંતિથી થયું. કડીયા ગુમ થયેલા લાગતા હતા'—એક મિત્રનો પત્ર કહે છે.

મિત્રે ભૂલ સુધારવી ઘટે છે. 'શ્રી ચીમનલાલ કડીયા 'કાઉસગ્ગ લઇ બેઠા હતા. અને આકાશના દેવોને આ **અધર્મ અટકાવવા** 'આવ્હાહન' કરતા હતા.' એવા સમાચાર બીજા મિત્રે મોકલ્યા છે.

❖ ❖ ❖

'સુરતમાં સભા મળી હતી—અમદાવાદના સંઘ પ્રત્યે 'સહાનુભુતી દર્શાવવા.'

જરા વીરશાસન જાહેર કરશે કે અમદાવાદના સંઘને ક્યાં ઘા પડયો છે ? તો અમેય 'સહાનુભુતી'ની સભા ભરવાનો **વિચાર** કરીએ.

❖ ❖ ❖

સુરતની એ જ સભામાં કહેવાતા અમીચંદ ગોવિંદજી બી. એ. એલ. એલ. બી. એ 'કહેવાતી' જૈનોની બીડીઓને **બેરકાયદેસર** જાહેર કરતો ઠરાવ મૂક્યો હતો.

'ગેરકાયદેસર'નો શબ્દાર્થ આ વકિલ સાહેબ જાહેરથી જલદી જાણી લેશે એટલો એમના અસિલોને ફાયદો થશે.

❖ ❖ ❖

શ્રી. સ્વર્ગના દેવતાઓની મળેલી સામાન્ય સભાએ ત્હમને સભાના સભ્ય તરીકે સ્વીકાર્યા છે એથી ત્હમને સંતોષ થશે. આ નવાજેશ ત્હમને 'શ્રી પરમાનંદના ભાષણની '**તટસ્થ** સમીક્ષા' વીરશાસનમાં નીચે મુજબ કર્યા બદલ કરવામાં આવી છે.'

'એની કલ્પેલી કુટિલ પ્રગતિને આત્મજ્ઞાનથી અતિરિક્ત પૂર્વભવ અને પુનર્જન્મથી પરવારી બેઠેલા પરમકંદી પરમાનંદની માત્ર વિલાસને વધારનારી, દુર્ગતિના દુર્ગ ડુંગરોમાં પટકાવનારી, સ્વાદે મીઠી અને પરિણામે ક્રૂર પરિણામને લાવનારી, મધુલિપ્ત તલવાર જેવી અને ફલિતાર્થે નિર્બળતાની જંજીરોમાં જડાવનારી.'...ઇ૦...

આવી જ 'તટસ્થ' પ્રવૃત્તિ ચાલુ રાખશો તો સ્વર્ગની કાર્યવાહિ સમીતિમાં ચૂંટાવાનો ત્હમને હક્ક મળશે.

માફ કરજો, જનકવિજયજી ! ત્હમારા ઉપરનો પત્ર ટપાલીની ભૂલથી મ્હારે ત્હાં આવ્યો તે વંચાઇ ગયો. 'મિચ્છામિ દુક્કડમ્' હોં મુનિવર !

❖ ❖ ❖

'કા. જૈ. યુવક પરિષદ્‌ના કાર્યકરોને: ધ્યેય સ્પષ્ટ કરો ! વીરશાસનમાં કોઇ સી. જે. શાહ ફરમાવે છે.

શ્રી પરમાનંદ કાપડીયાને પ્રમુખ બનાવ્યા પછીય આ પ્રશ્ન પુછવાનો સી. જે. શાહને બાકી રહ્યો હોય તો એમણે 'અકલકરા'ના આંતરા કરવા ઘટે છે.

'અમદાવાદના પ્રીતિભોજનને કોઇ સી. એમ. શાહ 'પ્રેતભોજન' કહે છે.

અમદાવાદની જુનવાણીના મૃત્યુ પછી જુવાનો એ ભોજન જમ્યા હતા. અને મૃત્યુ પછીના ભોજનને 'પ્રેતભોજન' કહેનારા દોસ્ત સી. એમ. શાહ ! ત્હમારી સત્યતા બદલ ત્હમને ધન્યવાદ ઘટે છે.'

❖ ❖ ❖

'પ્રચારના ફાંસલા' એક લેખમાં શ્રી. કપાસી સમજાવે છે.'

અમે એમનો એ હક્ક સ્વીકારીએ છીએ. એમનો અવતાર અને ધાસોચ્છ્વાસ એ હકિકત પૂરવાર કરે છે.

❖ ❖ ❖

પરિવર્તન ને પવન કોઇનેય છોડે છે . તે 'વીરશાસન'ને છોડે ?

એનો દેહ બદલાઇ ગયો છે. 'સવિ જીવ કરૂં શાસનરસિ' વાળો મુદ્રાલેખ અદ્રશ્ય થયો છે. અને 'કલહ ઉપજાવું શાસનમાં'ના નવા મુદ્રાલેખ સાથે વીરશાસનનાં સુશોભનો તૈયાર થઇ રહ્યાં છે.

❖ ❖ ❖

'બે ચાર પાંચ ઘરનાં ગામ'—વીરશાસનની પોલ ખોલતાં 'જૈન જ્યોતિ' જણાવે છે.

જ્હેને બીચારાં છાપાદ્વારા એમનું અસ્તિત્વ પુકારતાં રહે.

❖ ❖ ❖

શ્રી. પરમાનંદે પરાસ્ત કરેલા સમ્રાટ સ્હામે એના સિપેહસાલારોએ બળવો જગાવ્યો છે. એક તરફથી પગ દાબતા એમના શેઠીઆઓ ગેરહાજર જણાય છે. ત્હારે રા. રામવિજય નામના એક સેનાપતિએ 'વારસ'ના બ્હાને સમ્રાટ પર ચઢાઈ કરી છે. આંતર વિખવાદથી સૈન્ય બે પક્ષોમાં વ્હેંચાઇ ગયું છે. અને મૂઢતા સર્વત્ર પ્રસરતી જાય છે.

અફસોસ ! બીજું શું !

❖ ❖ ❖

એક પ્રશ્ન: મ્હારે છાપામાં નામ છપાવવું છે શું કરૂં ?

જવાબ: શ્રી. પરમાનંદને ગાળ દેતો એક લેખ લખ. અને વીરશાસનને મોકલ. તું અમર થઇ જઇશ ભાઇ !

❖ ❖ ❖

'શ્રી નેમવિજયના અનુયાયી સાધુઓએ પોતપોતાના સ્થાનકમાં સુધારા પ્રવૃત્તિ સ્હામે પ્રચાર કરવાના સંદેશા મોકલ્યા હતા'—એક '**ખબરપત્રી**'

'પરંતુ શ્રી. નેમવિજયની દશા જોયા પછી એનો અમલ કરવાની ઇચ્છા મોળી પડી ગઇ છે'—'એક **ગુપ્તચર**'

❖ ❖ ❖

'જૈન ને જૈનજ્યોતિ જુઠાં; જન્મભૂમિ ને જયભારત ને મુંબઇ સમાચાર જુઠાં—બધાં જુઠાં જુઠાં જુઠાં.'

મેનીન્જાઇટીસ પછી આ કોઈ નવો રોગ તો નથી ઉત્પન્ન થયો ને ? અમદાવાદના ડોક્ટર વૈદો ! દોડો. આ હરિશ્ચન્દ્રના અવતારની મસ્તિષ્ક પરીક્ષા ત્હમારૂં જ્ઞાન વધારી મૂકશે.

'**ચાબુકેશ્વર**'

આ પત્ર અમીચંદ ખેમચંદ શાહે એોનેસ્ટી પ્રીન્ટરી. ૧૩૪–૧૪૨ ગુલાલવાડી, શ્રી નાથજી માળો, મુંબઇમાં છાપી શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે ૨૬–૩૦ ધનજી સ્ટ્રીટમાંથી પ્રગટ કર્યું છે.

"તરૂણ જૈન"નો વધારો. કિંમત ૧ પૈસો. Regd. No. 3220.

# ધર્મ ઝનુન માનવીને શયતાનના રૂપમાં ફેરવી નાખે છે

## દેવસુરસંઘના ઠરાવનું પાલન કરાવવામાં ગોડીજીના ટ્રસ્ટીઓની નબળાઇ ?

### મંદિર અને ઉપાશ્રયોમાં લોહીનાં છાંટણાં.

**અનેકના માથાં ફુટયાં, અહિંસાના ઇજારદારોની અવદશા.** ] (અમારા ખાસ પ્રતિનિધિ તરફથી) [ **ધરપકડ અને જુતકારો, સાધુઓ મારામારીમાં ઉતર્યા.**

જૈન સમાજના પાંચ-૭ આચાર્યોએ પ્રથમ ભાદરવા વદી ૧૩ થી જ પર્યુષણ શરૂ કરવાં એમ નિર્ણય કર્યો છે. પણ બારસે જ પર્યુષણ પર્વની શરૂઆત કરવી એવી મમતે ચડેલા, જૈન સમાજમાં ભાગલાનાં હરણુ કરી મુંડવામાં પાવરધા બની બેઠેલા રામવિજયે કલેશની હોળી ચેતવી છે. આત્મચિંતન કરવાનો આ પવિત્ર પ્રસંગ આજ એક કહેવાતા સાધુની હઠથી નિંદાનું સ્થાન પામ્યો છે. પોલિસના પહેરા તળે ધર્મનું સ્થાન મૂકાવા પામ્યું. આ બધું ધર્મના નામે ઇજારો લઇ બેઠેલા ઠેકેદારોની પેશકદમીથી જ્યાં જ્યાં એ હઠવાદી જમાતના પડછાયાં હતાં ત્યાં ત્યાં તોફાન થયાના ભણકારા ચોમેરથી હવામાં ગુંજતા હતા, ને ! પરિણામે ચેતવા માટે પ્રથમ ભાદરવા વદી ૧૦ ના રોજ શ્રીદેવસુરસંઘની સભા ટ્રસ્ટીઓએ બોલાવી હતી. તેમાંય પ્રવિષ્ટ થઇ બેઠેલાઓએ પોત પ્રકાશ્યું ને ! તોફાન થયું, હવામાં ટોપીઓ ઉડી, કંઇકને વાગ્યું ને પ્રમુખને સંઘ બીજા દિવસ પર મુલતવી રાખવો પડયો હતો. આમ અગાઉના દિવસે બનેલા અણછાજતા દેખાવોથી ચેતી દેવસુર સંઘના ટ્રસ્ટીઓએ પ્ર. ભાદરવા વદી ૧૧ તા. ૧૧-૯-૩૬ના રોજ ફરી મળેલ સંઘની સભામાં ફકત તેના સભ્યોને જ દાખલ કરવામાં આવ્યા હતા. આ સભા રાત્રીના બે વાગ્યા લગી ચાલી ને બાજુ સાચવવાની ટ્રસ્ટીઓની નીતિએ એક પણ વસ્તુ પર નિર્ણય પર આવતાં ખૂબ ડોળાઇ. અંતે અમારા બિરાદરોનાં માથાં નથી ફુટવા દેવાના મકકમ નિર્ણયે શ્રી તલકચંદ કપાસી, શ્રી વલ્લભદાસ મહેતા વાળો ઠરાવ જેમાં:-"દેવસુરસંઘના ઉપાશ્રય વિગેરે ઠેકાણે તેરસથી જ પર્યુષણની આરાધના તેમ તેને લગતી જ ક્રિયાઓ કરવાની ટ્રસ્ટી સાહેબોએ પસાર થયેલ જણાવી" આ ઠરાવ થવાની તૈયારી લાગતાં આખા સંઘમાંથી ફકત દશથી બાર બારસીઆ વોકઆઉટનું તૂત ભજવી રવાના થઇ ચુકયા હતા, નરી બેવકુફાઇનું પ્રદર્શન કરતાં ટેલીફોનના ખોટા સંદેશા પણ કરવામાં આવ્યા હતા, આ બધી તોફાન ન થવા પામે તેવી કીલ્લેબંધી ખડી કરવા છતાં જેઓ મારામારી કરવામાં રચ્યાપચ્યા છે તેવા ધર્માન્ધોને એ પાલવે તેમ નહોતું ને !

દેવસુરસંઘના ઠરાવની ઉપરવટ થઇને રામજમાતના લોકોએ ગોડીજીના ઉપાશ્રયે બીજે દાદરે કાતરીયામાં પણ તેમણે પજુષણ વ્યાખ્યાન વાંચવું એવો એમના વડાનો (રામવિજયજી) હુકમ હતો એટલે આ બિચારા ચીઠ્ઠીના ચાકરોએ પજુષણ વ્યાખ્યાન ચાલુ રાખ્યું ને રામજી લાલબાગમાંથી ભકત શ્રોતાઓને ધકેલે રાખતા છેવટે બારસીયાઓનો કલ્પધર દિવસ આવ્યો. સવારમાં જ વ્યાખ્યાનની અંદર ઉછામણીની શરૂઆત થઇ. ટ્રસ્ટીઓને ચેતવ્યા પણ એમાંયે જેઓ રામજીના ભકત હતા. તેઓ કાન આડા હાથ કરી ચલાવ્યે રાખવા ઇચ્છતા હતા એટલે શરૂઆતથી કડક થવાને બદલે ઢીલાશ રાખવાથી બારસીયાઓને દબાવી શકયા નહિ. બીજી બાજુ દેવસુર સંઘના સભ્યોને એના સંઘે કરેલા ઠરાવની અવગણના દેખાઇ, ને કેટલાક ભાઇઓએ ઉપર જઇ મહારાજને ચેતવ્યા કે-સાહેબો ! અમારા સંઘના ઠરાવની રૂએ તમારાથી અત્રે ઉછામણી થઇ શકશે નહિ. ધર્મધ્યાન કરો પણ ઉછામણી નહિ થઇ શકે.

બસ ! જેમ આગમાં ઘી હોમાય ને ભડકો થાય તેમ આકુળ વ્યાકુળ થયેલા બારસીઆ ઉશ્કેરાયા, બોલાચાલી ઉપરથી ગાળાગાળી ને મારામારી શરૂ થઇ. પજુષણ જેવા પર્વના ધાર્મિક દિવસોમાં ઉપાશ્રયને આંગણે શોણીતની હોળી ખેલાણી. અને અહિંસક જૈન સમાજના કપાળમાં કાળો ડાગ લાગ્યો અને સફેદ કપડાં લોહીથી છંટાયા.

આ બે પક્ષ વચ્ચે મારામારીએ ભયંકર રૂપ પકડયું. છત્રી, લાકડીઓ ને જોડાનો છુટા હાથે ઉપયોગ થયો, ચાંકુ પણ ઉછળ્યા, કંઇકના માથાં ફુટયાં. અનેકના કપાળે જોડાં અથડાયાં. આથી સારીયે સમાજમાં ખૂબ ઉશ્કેરાટ ફેલાયો, દહેરા નીચે ઉશ્કેરાયેલામાં હજારો જૈનો એકત્ર થયા હતા. સહેજ તણખો પડતાં ભડકો

થવાની ધાસ્તી હતી. ત્યાં તો ચાર પાંચ ગોરા સારજન્ટો સાથે આઠ દશ પીળી પાઘડી આવી પહોંચી છતાં કેટલાંક ભક્તો 'મારો મારો'ની બૂમ પાડતા ને જેમ આવે તેમ ગાળો પોકારતા.

પોલીસ આવી પહોંચતાં જ પાંચ સાતને પકડી પાયધુની ગેટ લઇ જવામાં આવ્યા. ઘવાએલ જૈનોને તાત્કાલીક દવાખાને બ્હેકડવામાં આવ્યા.

## દહેરૂં લોહીથી રંગાયું.

ઘરે અને ઉપાશ્રયે જ્યાં જોનાં ઘણે ઠેકાણે લોહીનાં છાંટણાં દેખાતાં; તેમ ખાદીની કફની અને ધોળી ટોપી ઉપર લોહીનાં છાંટણાં તો અંતરને ધ્રુજાવી નાખતાં.

ટ્રસ્ટીઓ એજ દિવસે બે ત્રણ વાર આવ્યા ને ગયા. છતાં તેમની નબળાઇને લીધે ચોકખે ચોકખું ન કહી શકવાથી બારસીવાળાઓ ન જ દબાયા. ને આખરે રાત્રે પણ સાડાબાર સુધી એવી જ ધાંધલ ચાલી.

જૈન જનતામાં એક દુરાગ્રહી અને મહત્વાકાંક્ષી માનવીની હઠે ગંભીર અશાંતિ જાગ્રી મૂકી હતી. બપોર પછી બજારોમાં, ઘરોમાં ઉશ્કેરાટ વધી જવા પામ્યો હતો ને રાત્રે માનવજંગનાં ટોળેટોળાં ગોડીજીના મંદિર નજીક એકઠાં થવા પામ્યાં હતાં. સૌને લાગતું કે સવારના બનાવથી હવે દૂધમાં પગ રાખતા ટ્રસ્ટીઓ તોડ લાવશે. જેથી હિંસાના કદર શત્રુઓ જાહેરમાં છડે ચોક અહિંસાનું વિરમરણ કરી ન બેસે જેથી ધર્મને ઝાંખપ ન લાગે અને મહાન્ ધર્મની હાંસી થઇ ન ધારેલાં કૃત્યો ન બની બેસે આમ બધી આશા ટ્રસ્ટીઓના આખરી નિર્ણય પર અવલંબતી હતી. સૌ કોઇની ધીરજ ખૂટી. ઇંતેજારી આઠવાગે મળનાર એમની સભાના નિર્ણય પર ઠરી ઠામ થઇ ચૂકી. આઠ, નવ વાગ્યા તો ફક્ત બે જ ટ્રસ્ટીઓ આવ્યા. લોકોને અંદર આવવા આગ્રહ કર્યો ને સૌ ગોડીજી મંદિરની ગાદી આગળ એકત્ર થયાં પછી શ્રી મોતીચંદ કાપડીઆએ કહ્યું કે: "હિંસક વાતાવરણોથી આપણી હાંસી થાય છે. આમ ટોળેટોળાં વળે ધર્મ લજવાય છે. તમે સૌ છુટા પડો. શાંતિથી તમારી વતી ટ્રસ્ટી સાહેબોની સભા આગળ મૂકવા તમારામાંથી દરેક જણને તૈયાર કરી મોકલો. આપણે મળી એનો તોડ કાઢીએ." એકત્ર થએલાઓમાં કંઇક અશાન્તિનાં પૂર ઓસર્યાં, ઉશ્કેરાટ મટયો ને સૌ બહાર નીકળી સભાસદોનો પડ્યો રજુ કરી નિર્ણય કરવા દશ બિરાદરોને નિર્ણીત કરવા તરફ દોરાયા.

એક બાજુ આ વિધિ થઈ ત્યાં બીજી તરફ શ્રી કાપડીઆ પોતાની મોટરમાં ચાલી ગયા. બીજા ટ્રસ્ટી પાછલા દરવાજે પલાયન થઇ ગયા, તર્ક વિતર્કો થવા લાગ્યા ને દેવસુરસંઘના સભ્યોને લાગ્યું આ ચાલબાજી તો નથી રમાતી !" આમને આમ ચલાવી અમારા બિરાદરોના હજુ શું એ ટ્રસ્ટીઓને રક્ત રેડાવવાં છે ? શા માટે સંઘના ઠરાવનો અમલ નથી કરતા ? આ તો નિમેલા ટ્રસ્ટીઓને પોતાનો મોભો જાળવવાની ધૂનમાં અવગણના કરતાં માલિકો (?) આમ એકત્રીત મેદનીનું નાવ ચકડોળે ચડ્યું ને આગેવાન વિહોણી જનતા મુંઝવણમાં પડી. વખતનાં વ્હેણુ વધતાં ગયાં ને માનવપૂર પાંચ હજાર ઉપર પહોંચ્યું. આમાંથી દેવસુર સંઘના પચ્ચાસ ઉપરાંત સભ્યો ઉપાશ્રયમાં મહારાજને સમજાવવા દોડી ગયા. ઉપર જુએ તો નિર્ણીત કરેલા સંથારાનાં સ્થાન પથરેલાં ખાલી હતાં અને સાધુઓ તેમ રોકેલા ધર્મઝનુની સાગ્રીતો એકત્ર સામનો કરવા ઉપરના કાતરીયામાં ભરાઇ તેઓ આવેલા લોકો સ્હામે ડંડાસણો, ઓઘાને ચરવળાની દાંડીઓનો છુટથી ઉપયોગ કરવા લાગ્યા. બૂમ પડી—મહારાજ મારે છે. એક બાજુ દંડાબાજી કરવા લાગ્યા અને બીજી તરફ ચોક્કસ સાધુઓ ખૂન ખૂનની બૂમો મારવા લાગ્યા. ઉપાશ્રયમાં ચારે તરફ ઉશ્કેરાટ ફેલાયો ને અંધારામાં સામાન્ય બંધા ધુબી થવા પામી. ઉપર ગયેલામાં ત્રણ જણને મુંગો માર પડ્યો. એક બેને લોહી નીકળ્યાં ને ! ઉપાશ્રયની આત્મજ્યોત પ્રગટાવવાની ભૂમિ રક્ત શોણિત બની, બીજી તરફ મંદિરની બહાર ખૂબ ઉશ્કેરાટ હતો. ત્યાં તો, શ્રી મણિલાલ મોહનલાલ ઝવેરી, શ્રી જીવતલાલ પ્રતાપશી અને પાયધુની ચોકીપરથી સાત આઠ સારજન્ટો અને લાઠીધારી પોલીસો તથા છુપી પોલીસ આવી પહોંચી. બુટ—ચંપલ પહેરેલી પોલીસ સારજન્ટો ધર્મના સ્થાનકમાં ટ્રસ્ટીઓના કહેવાથી ઘુસ્યા. બીજી ગમ બહાર રહેલી પોલિસે આમ તેમ લાઠીના દાવ ખેલવા શરૂ કર્યા. રાતના સાડાબાર લગી ત્રણ ચાર વખત હળવો લાઠી ચાર્જ કર્યો. અને પરિણામે આઠ જણની ધરપકડ કરી. દેરાસરની લાઇટ બંધ કરવામાં આવી અને ચોતરફથી બંધ કરવામાં આવ્યું અને બહાર પોલીસરાજ્ય સ્થપાયું અને મંદિરની રખેવાળી પોલીસને સોંપાઈ. "ગોડીજી દહેરાસરના ટ્રસ્ટી ન હોવા છતાં જીવતલાલ પ્રતાપશી અંધેરીથી રાત્રીના દશવાગે આવી રાત્રીના સાડાબાર સુધી રોકાઇ છેવટે મોટરમાં ચાલ્યા ગયા." સારજન્ટો ચાલી ગયા. પણ જનતા મોડે લગી ખસવા નહોતી પામી.

જે નોટીસ પહેલી લગાડવાની જરૂર હતી તે આટલી આટલી ધાંધલ, ધમાલ ને મારામારીના પરિણામે તા. ૧૬-૯-૩૬ ના રવિવારે બોર્ડ ઉપર ચોડવામાં આવી.

સંઘના ઠરાવનો અમલ કરવા અંગે ટ્રસ્ટીઓએ ક્ષમાવિજયને ત્રીજે માળે જવા વિજ્ઞપ્તિ કરી ત્યાં તેઓ ધાર્મિક ક્રિયાઓ કરે—કરાવે." શ્રી વિજયદેવસુર સંઘની બન્ને પાટો પર રવિવારથી પજુષણ પર્વની ગોઠવણ કરી છે. બન્ને પાટોપર ગુરૂવારે સુપનાં ઉતરશે. બીજે દિવસે તેમ બીજી કોઇ જગ્યાએ સુપનાં ઉતરશે નહિ. અને ઉછામણી થશે નહિ."

આ ધાંધલ ધમાલ અંગે એક બે પોલિસ કેસ થવાની પણ વાતો સંભળાય છે. અને જેઓની પોલીસે ધરપકડ કરેલી તેઓને તરત છોડી દેવામાં આવ્યા છે.

રામજીના જ્યાં પગલાં ત્યાં લોહીનાં છાંટણાં ન થાય. પોલીસપાર્ટી ન દેખાય તો રામજીનું નામ લાજે. ધન્ય રામજી ! ! !

આ પત્ર અમીચંદ ખેમચંદ શાહે એોનેસ્ટી પ્રીન્ટરી. ૧૩૪-૧૪૨ ગુલાલવાડી, શ્રી નાથજી માળો, મુંબઇમાં છાપી શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે ૨૬-૩૦ ધનજી સ્ટ્રીટમાંથી પ્રગટ કર્યું છે.